


# અધ્યાત્મ

વર્ષ : ૨૦
ઓગસ્ટ–૧૯૯૯
અંક : ૧૧

## * પ્રાર્થના અને સંકલ્પોની શક્તિ *

પ્રાર્થના જ્યારે એક તરફ બેસીને માનવ કરતો હોય તો, એ પ્રાર્થના કેટલીકવાર એ બોલીને કરતો નથી, ગાઈને કરતો નથી. બહાર એનો અવાજ નીકળતો જ નથી. મનમાં કરતો હોય પણ મનની પ્રાર્થના એટલી બધી બળવાન બનતી ચાલે છે કે એનાં આંદોલનો બહાર વહેતાં થાય. એ સંકલ્પોના આંદોલનો એની પ્રતિક્રિયાઓ પણ એટલી બધી બળવાન અને પ્રબળ હોય છે કે પરમાત્માસુધી એ પ્રતિક્રિયા પહોંચી જાય. તમારા સંકલ્પો પહોંચી જાય. એટલું જ નહીં, પણ એના પ્રત્યુત્તરો પણ તમને પ્રાપ્ત થઈ જાય. અને એ પ્રાર્થનાનાં આંદોલનો તમે ક્યાંય પણ વહેતા કરવા માગો તો ત્યાં આગળ પણ એ આંદોલનો ચાલ્યા જાય, પરમાણુઓ ચાલ્યા જાય, અને પોતપોતાનું કાર્ય કરીને જ અટકે. બોલેલું, વિચારેલું નકામું જતું નથી. સંકલ્પો નકામા જતા નથી. માણસે એટલા માટે સત્ય ને શુદ્ધ સંકલ્પો જ કરવા. એ વિશ્વની સેવા કરી શકે છે જે સારી વાણી બોલે છે, વાયુમંડળને વિશુદ્ધ કરે છે. જે સારા સંકલ્પો સેવે છે એ પણ વિશ્વના વાયુમંડળને વિશુદ્ધ બનાવે છે.

યોગેશ્વરજી



**પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી પ્રસન્ન મુદ્રામાં**

પ્રાકટ્ય : ૧૫ ઓગસ્ટ ૧૯૨૧ | બ્રહ્મલીન : ૧૮ માર્ચ ૧૯૮૪

## * પ્રાર્થના *

આવ્યા શરણે આજ તમારા.
આ અવનીમાં તમારા વિના સાચા કોણ અમારા? આવ્યા૦

કોણ સ્વજન સંરક્ષક જીવન પ્રાણ પુરાતન પ્યારા,
અધમોદ્ધારક શાંતિ પ્રદાયક નરરૂપ છતાં ન્યારા. આવ્યા૦

સરિતા સાગરવિના વહે ક્યાં, શિખા તજી ક્યાં દીપ,
પરિમલ છોડી પુષ્પ જાય ક્યાં, તોડી ન શકે પ્રીત;
મેઘબિંદુ મેઘ વિના ન ટકે, સઘળે એવી રીત,
જીવ જાય ક્યાં ત્યાગી તમને, જપે તમારી માળા. આવ્યા૦

મૂશળધાર મેઘ વરસે છે, ચપલાના ચમકારા,
વાવાઝોડાં વિષમય વાયે, પ્રકાશ ખૂટ્યા સારા;
કૃપા કિરણ રેલી દૂર કરો અનંત આ અંધારાં. આવ્યા૦

— યોગેશ્વરજી

RNI No. 26/267/99 R–II

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦
વિદેશમાં રૂા. ૩૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૫૬૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી રામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં | યશસ્વીભાઈ ય. મહેતા | ૧૦ |
| આરોગ્ય સોપાન | હરીશભાઈ કોન્ટ્રાક્ટર | ૧૮ |
| પ્રણામની પરિણતિ | ડૉ. હિમાંશુ પાઠક | ૨૩ |
| ખૂલ્યો ખજાનો પરમાત્માનો–૯ | ડૉ. બી. જે. જાગાણી | ૨૯ |
| પ્રેરક પ્રસંગો | પરમાર્થી | ૩૬ |
| ગુરુપૂર્ણિમાની ઉજવણી | તંત્રી | ૪૪ |
| ગર્વ | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૪૯ |
| સીતા | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ) | ૫૦ |
| સતી અનસૂયા | સુશીલાબેન ભક્ત | ૫૨ |
| રામકથા | યોગેશ્વર | ૬૧ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

–મા સર્વેશ્વરી

વર્ષ : ૨૦ ઓગસ્ટ–૧૯૯૯ અંક : ૧૧

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૭–૭–૮૧, શુક્રવાર, આષાઢ સુદ પૂનમ, ૨૦૩૭,**

**સ્થળ : વડોદરા.**

આજે સવારથી જ વાતાવરણ વરસાદી નથી. ઠંડા પવનની લહેરો વચ્ચે દિવસ શરૂ થાય છે.

આજે ગુરુપૂર્ણિમાના ઉત્સવો દેશભરમાં થશે. વડોદરા કેન્દ્રે ગયા વરસે ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ઉજવ્યો હતો. આ વરસે પણ તેઓની ઈચ્છા હતી પણ પૂ. શ્રીએ ના પાડી. કારણ માતાજીના સ્વર્ગવાસને હજી એક વરસ પણ થયું નથી.

આજે ઘણાં પૂ. શ્રીના દર્શને આવશે, પણ વિશેષ કોઈ કાર્યક્રમ નથી રાખ્યો. પૂ. શ્રી પોતાના નિયમિત ક્રમમાં મગ્ન બની જાય છે. આજે સવારે અમેરિકા ભારતીબેન સાથે વાતો થઈ. ભારતીબેન પૂ.

શ્રીને સ્પીકર મોકલે છે. પૂ. શ્રીને ફોનની વાતચીત સર્વેશ્વરી ટેપરેકોર્ડરથી સંભળાવે છે. પૂ. શ્રી ત્યારબાદ ૧૧ વાગ્યા સુધી પોતાના કામમાં મગ્ન રહે છે.

સર્વેશ્વરી બહાર હિંચકા પર બેસી નોંધ જપ વગેરે કરે છે. આજે નાનકડી ફોનની ડાયરીમાં અગત્યના ફોન નંબરો લખવામાં આવે છે. પછી પૂ. શ્રીને બતાવવામાં આવે છે. થોડીવાર પછી પૂ. શ્રીએ તે ડાયરી જોઇ કે નહીં તેમ સર્વેશ્વરી પૂછે છે. તો.

**પૂ. શ્રી :** નથી જોઇ. શાંતિથી પછી જોઇશ. પણ આજે તો ગુરુપૂર્ણિમા છે ને! મારા આશીર્વાદ છે. **જીવનમાં ખૂબ ખૂબ વિકાસ કરો. શાંતિ મેળવો. અલૌકિક અનુભવો પામો. લોકોને ઉપયોગી અને પ્રેરક બનો. અને છતાં સરળને નમ્ર જ રહો. જેથી કરીને અહંકાર ન આવે. વળી થોડાં ગંભીર બનો.**

**સર્વેશ્વરી :** આજે આપ સૌને આશીર્વાદ આવા આપશો?

**પૂ. શ્રી :** જરૂર હોય કે ન હોય તેને રોટલા નાંખવાનું શું કામ?

**સર્વેશ્વરી :** જે મનથી માંગે તેને આશીર્વાદ આપશો?

(પૂ. શ્રી માથું હલાવે છે.)

મનથી માંગે તેને આપ મનથી આશીર્વાદ આપશો?

**પૂ. શ્રી :** એ તો જેવો જ્યારે સમય. જેવી પ્રભુની ઇચ્છા. આટલી વાતચીત બાદ પૂ. શ્રી થોડું ધ્યાનમાં બેસે છે. સમય થતાં દ્વાર ખૂલે છે. ભોજન લેવાનું બને છે.

ભોજનબાદ મુલાકાત શરૂ થનાર હતી. આજે જાહેર ઉત્સવ ન હોવા છતાં ભાવનગર, મોરબી, રાજકોટ, સુરત, દાદરાનગર



હવેલી, નવસારી, વિવિધ સ્થળેથી ભાવિકો આવ્યા હતાં. સૌ પૂ. શ્રીને પ્રણામ, પુષ્પાંજલિ, ભેટ ધરતાં હતાં. સૌ પોતપોતાને સ્થાને ગોઠવાયા.

શિવમહિમ્નનો ગુજરાતી કાવ્યાનુવાદ પૂ. શ્રીનો જ લખેલો સૌએ સમૂહમાં ગાયો. ત્યારબાદ ગુરુની સ્તુતિ ગાવામાં આવી. ત્યાર પછી પૂ. શ્રીએ પોતાનો પ્રસંગ અનુરૂપ વાર્તાલાપ શરૂ કર્યો. જેનો ટૂંકમાં સાર નીચે મૂક્યો છે :

તેઓશ્રીએ તે વાર્તાલાપ આપતાં કહ્યું :

આજે જુદા જુદા વ્રતો, નિયમો, લેવા જોઇએ. દાન, સત્કર્મ-નો, મંત્રજપનો, પૂજાપાઠનો, સંયમ પાળવાનો, સંતોની કૃપા તો મળે જ છે. એની કૃપાના આંદોલનો કામ કરે જ. તે કૃપાના આંદોલનથી આપણો માનસિક, ભૌતિક, આધ્યાત્મિક ઉત્કર્ષ થયા જ કરે. પણ ગુરુમાં શ્રદ્ધા–ભક્તિ હોવી જોઇએ. શ્રદ્ધા ને ભક્તિ-ની બે પાંખ ધારણ કરીએ તો આધ્યાત્મિક જગતમાં ઊડી શકાય.

એવા એવા પુરુષો પણ છે જેમના સમર્થ ગુરુ સશરીરે ન હોય છતાં તેમની શ્રદ્ધા–ભક્તિ એવી દૃઢ હોયકે તે તે ગુરુ તેમની હાજરી બતાવતા હોય છે.

ગઇકાલે સ્વામી માધવાનંદ આબુમાં મળેલા તેની વાત અને શુક્લજી પાસે તેમનો ધ્યાનનો અનુભવ સાંભળ્યો. એવો એક જ અનુભવ એમને માટે પ્રેરક બની ગયો. ને જીવનનો આધાર બની ગયો. એ જ રીતે આબુમાં મોહનભાઇ પટેલ અમને મળ્યા. તેમને અચાનક મારી આંખમાં શ્રી રામકૃષ્ણદેવના દર્શન થયાં. તુલસી-દાસ કહે છે ને,

જાકી રહી ભાવના જૈસી, તાકી મૂર્તિ દેખી તૈસી.

સંતમાં, ગુરુમાં શ્રદ્ધાભક્તિ હોય તો તે કોઇક દિવસ પણ અચાનક તે આપણી ઇચ્છા પૂર્ણ કરી દે છે. પ્રકાશ ધરે, માર્ગ બતાવે, સાચા માર્ગે ચઢાવે. ગુરુ અને સંતો પાસે મદદ કરવાના અનેક રસ્તા છે. આપણને પ્રભુપરાયણ બનાવી દે. પણ સતત શ્રદ્ધાભક્તિ ભરેલો પુરુષાર્થ આપણે કરવાનો. તો કલ્યાણ થાય. ગુરુ કે પ્રભુમાં વિશ્વાસ રાખીએ તો કલ્યાણ ને આનંદ આનંદ થઇ જાય.

આજે નવા નવા સંકલ્પો કરીએ. આજે તમે સૌ આવ્યા, ફૂલ-હાર લાવ્યા, મીઠાઇ લાવ્યા. પૈસા પણ મૂક્યા. જેની જેવી ભાવના. તે પ્રમાણે સૌએ ભેટ મૂકી. તો એ બધું સમાજનું સમાજને જ આપવાનું. આટલી બધી મીઠાઇ અમે ખાઇએ તો અમે તો માંદા જ પડી જઇએ. એટલે એમાંથી પ્રસાદરૂપે સૌને અપાશે. અને આજે આ પર્વનિમિત્તે જે રકમ આવી છે તે બધી જ રકમ સર્વમંગલ ટ્રસ્ટ તરફથી એક પુસ્તક છાપવામાં વપરાશે.

જીવન નિર્મળ બનાવવા પુરુષાર્થ કરો, દાન કરો, ધ્યાન કરો, બીજાને ઉપયોગી થવાની ભાવના સેવો. તો જીવન ઉત્સવ જેવું બને. સૌના સંકલ્પની પૂર્તિમાં પ્રભુની કૃપા મળે એવા અમારા આશીર્વાદ છે. જીવનનો સાચો સંતોષ જીવન જીવ્યાનો સંતોષ તમે પામી શકો, એ માટે આજે આશીર્વાદ પાઠવીએ છીએ.

આજે તમારા સૌ વતી શ્રી નારાયણભાઇ ભાવનગરથી આવ્યા છે તે તમારા હૃદયભાવો વ્યક્ત કરશે. બેનોમાંથી શ્રી કુંદનબેન રાણા કંઇક કહેશે.

શ્રી નારાયણભાઇએ પૂ. શ્રીની કૃપા, ને સાધનામાં સાથે રહેવા પ્રાર્થના સૌ વતી કરી. શ્રી કુંદનબેને પણ ગુરુની કૃપા માંગી કાર્યક્રમ પૂર્ણ થયો.



સૌને પ્રસાદ આપવામાં આવ્યો. સૌ છૂટા પડયા. સાંજે ૫ વાગ્યે વિષ્ણુસહસ્રના પાઠની જાહેરાત થઇ. સૌ વિદાય થયા.

આજે બહારગામથી આવનાર ભાઇબેનોનું ભોજન શ્રી જીતુભાઇ ગાંધીના મોટાભાઇને ત્યાં રાખવામાં આવ્યું હતું. પૂ. શ્રીએ થોડો આરામ કરી લેખનકાર્ય કર્યું. સર્વેશ્વરીએ બહારગામથી આવેલા બેનો સાથે થોડી વાતો કરી. વળી આજે હાથ ઉપર માલીસ કરાવ્યું. ને લેખનકાર્ય કર્યું.

સમય થતાં બહાર વિષ્ણુસહસ્રનો પાઠ શરૂ થઇ ગયો હતો. એટલે છ વાગ્યા પછી પૂ. શ્રી અને સર્વેશ્વરી મુલાકાત ખંડમાં જઇને બેસે છે.

થોડી જ મિનિટોમાં શ્રી વિષ્ણુસહસ્રનો પાઠ પૂરો થાય છે. એટલે સૌ પૂ. શ્રીને પ્રણામ ફૂલહાર કરી બેસે છે. આજે મોરબીથી શ્રી હરિભાઇ ભોજાણી પણ આવ્યા છે. જેઓ મોરબીના યોગેશ્વર ધ્યાન કેન્દ્રના સંચાલક છે. તેમને પૂ. શ્રીએ આબુના અનુભવોની વાત કરવાનું કહ્યું.

તેમણે વિસ્તારપૂર્વક પૂ. શ્રીનું તથા શ્રી સર્વેશ્વરીનું ગુણદર્શન કરાવ્યું.

પૂ. શ્રીએ વળી સર્વેશ્વરીને પણ (આબુ–અંબાજીમાં પરમ શક્તિની ઇચ્છાથી ગયા પણ ત્યાં કેવી કેવી સુવિધા મળી તેની) વાતો કરવાની સૂચના આપી, જેથી સર્વેશ્વરીએ એ વાત કરી. ત્યાર પછી પૂ. શ્રીએ પોતે દરરોજ લેખનકાર્ય કરે છે તે કાગળો કાઢયા ને ગુરુની સ્તુતિ હોય એવા રામાયણના પ્રસંગોનો પોતે કરેલો કાવ્યાનુવાદ ગાવા લાગ્યા. સૌ તે પ્રેમપૂર્વક ઝીલવા લાગ્યા.

વંદુ શ્રી સદ્‌ગુરુ ચરણ
ગણનાયક કરિ વર વદન

બુદ્ધિરાશિ શુભ ગુણ સદન
કરો અનુગ્રહ આજ કૃપાળુ
દ્રવો સકલ કલિમલ દહન,
મંગલમય છે જેનું શરણ,
વંદુ શ્રી સદ્‌ગુરુચરણ.
મહામોહ તમ પૂંજ ગણું તો,
વચન જેમનાં સૂર્યકિરણ,
વંદુ શ્રી સદ્‌ગુરુ ચરણ.

વચ્ચે વચ્ચે સમજાવતા જાય અને કહે છેઃ–

ગુરુનું પ્રત્યેક પરમાણુ પ્રેમમય હોય છે. અરે, તેનો પરસેવો પણ પ્રેમમય, પ્રભુ પ્રભુનો પોકાર પાડતો હોય છે.

સંજીવની ચૂર્ણ જેવી ગુરુચરણની રજ, શિવની ભસ્મ જેમ લલાટે લગાડે તો સત્કર્મનું બળ વધે, તેમ ગુરુચરણની જ્યોતનું ધ્યાન કે સ્મરણ કરો તો ભૂત–ભાવિનું જ્ઞાન થાય. મહા મોહ દૂર થાય. દૈવી દૃષ્ટિ મળે.

ગુરુચરણની રજનું દિવ્યઅંજન આંખમાં આંજીએ તો વિવિધ ચમત્કારો જોવા મળે. અદ્‌ભુત અનુભવો પણ થાય.

રામાયણમાં રામના લગ્નની વાત દૂતદ્વારા દશરથે જાણી. તો સર્વ પ્રથમ દશરથે કોને જાણ કરી? ગુરુને. સારા સમાચાર આવે તો પહેલા ગુરુને આપે. સારો પગાર આવે તો પહેલાં ગુરુને આપે? ના. હવે તો મીસ્ટર મીસીસને આપે. (સૌ હસે છે.)

લગ્નના સમાચાર પ્રથમ ગુરુને દશરથ આપે છે. ગુરુ કહે છેઃ–

બોલ્યા ગુરુદેવ અતિસુખ પામી,
પુણ્યાત્માને દુર્લભ કાંઇ નહીં.



ગુરુ અતિસુખ પામીને દશરથને કહેવા લાગ્યા, 'હે રાજા તમે તો પુણ્યાત્મા છો. તમે ગુરુ, ધેનુ, સુર વગેરેની નિત્ય સેવા કરનારા છો. ને વળી તમારે દેવી જેવી કૌશલ્યા પત્ની છે. એટલે એવા સત્કર્મીને ત્યાં સુખશાંતિ સામેથી આવે.

(ગુરુ મહિમાની વિસ્તૃત વાતો આજે પૂ. શ્રીએ સંભળાવી. વચ્ચે વચ્ચે કાવ્યનું ગાન પણ કરાવ્યું. સૌને ખૂબ આનંદ આવ્યો.)

પૂ. શ્રીની સૂચનાથી નારણભાઇએ પૂ. શ્રીની સાથે કરેલી અંબાજીની યાત્રાની વાતો કરી.

સૌએ છેવટે 'શ્રી યોગેશ્વર જય ગુરુદેવ'ની લાંબી સ્તુતિ સમૂહમાં ગાઇ. તે દરમ્યાન શ્રી જીતુભાઇના પરિવારે પૂ. શ્રીની આરતી કરી, પુષ્પહાર–ચંદન કરી પુષ્પહાર અર્પણ કર્યાં.

સ્તુતિ પૂરી થતાં પૂ. શ્રીએ પાંચ મિનિટ ધ્યાનમાં બેસાડયા. ત્યારબાદ કાર્યક્રમ પૂર્ણ થયો. સૌ પ્રણામ કરી વિદાય થયા.

પૂ. શ્રીએ ભોજન લીધું ત્યારબાદ થોડી સૂચનાઓ આપી ધ્યાનમાં બેઠા. આરામ હરિઃ ૐ.

(ક્રમશઃ)

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**
"સ્વર્ગારોહણ"
**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫૧૧૦
એસ. ટી. ડી. ૦૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯

સ્વામી વિવેકાનંદ

# શ્રીરામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં

યશસ્વીભાઈ ય. મહેતા

નામ એનું નરેન્દ્રનાથ દત્ત. ઉંમર માત્ર અઢાર વર્ષની. ૧૮૮૧ ની સાલ હતી. નિરાકાર ઈશ્વર, બ્રહ્મમાં માનનારાઓનો બ્રહ્મોસમાજના સક્રિય સભ્ય. મૂર્તિપૂજાના સખત વિરોધી. મૂર્તિપૂજા કરનારાઓને મૂર્ખશિરોમણિ માનનારા. નિરાકાર નિર્ગુણ કે સાકાર સગુણ ઈશ્વરનું અસ્તિત્વ છે ખરું? તે જાણવાની તીવ્ર તાલાવેલી. તેને તે વખતના દેવેન્દ્રનાથ ટાગોર પાસે ખેંચી ગઈ હતી. પણ ના, આ તે વખતના મહર્ષિ ગણાતા ભવ્ય વ્યક્તિત્વવાળા મહાપુરુષ પણ આ વિષે સ્પષ્ટ હા—ના નો જવાબ આપી શક્યા ન હતા.

રામકૃષ્ણદેવ ૧૮૮૧ માં ૪૫ વર્ષની વયના. તેમના આયુષ્યના માત્ર પાંચ વર્ષ જ હવે બાકી રહ્યાં હતાં ને હજુય ભવિષ્યમાં તેમના મુખ્ય કાર્યવાહક પાર્ષદ. જેમને તેણે સમાધિ અવસ્થામાં દિવ્ય સમર્ષિ લોકમાં જે ધ્યાનસ્થ ઋષિને પોતાની સાથે નીચે પૃથ્વી ઉપર આવવા પ્રાર્થના કરી હતી, ઋષિવરે સંમતિસૂચક હાસ્યદ્વારા હા પાડી હતી તે હજુય આવ્યા ન હતા. આ ઋષિપ્રવર મનુષ્યદેહમાં પોતાનું અસલ સ્વરૂપ વિસરી ગયા હતા અને પોતાને વિશ્વનાથ દત્ત વકીલના પુત્ર તરીકે જ ઓળખતા હતા. પરંતુ આખરે ૧૮૮૧ ના નવેમ્બર મહિનાનો એ સુભાગ્યદિન તેને દક્ષિણેશ્વર મંદિરમાં ખેંચી લાવ્યો, જ્યાં તેમની કાગડોળે રાહ જોતા મા



કાલીના પૂજારી તરીકે રૂપિયા ત્રણનો માસિક પગાર મેળવતા રામકૃષ્ણ પરમહંસ બિરાજમાન હતા.

પોતાના મિત્રો સાથે દક્ષિણેશ્વર આવીને રામકૃષ્ણદેવના ખંડમાં તેમની સામે નીચે ભોં ઉપર જ બેઠા હતા. સામે રામકૃષ્ણદેવ લાકડાની નાની પાટ ઉપર બેઠા હતા. એક ભજન નરેન્દ્રએ ગાયું કે અચાનક ઊભા થઈ તેમણે નરેન્દ્રનાથ દત્તનો હાથ પકડી ઊભા કર્યા ને પાસેની અર્ધગોળાકાર ઓશરીમાં લઈ ગયા. હવે ઓરડામાં બેઠેલા તેના મિત્રો તે બંનેને જોઈ શકતા ન હતા. કારણ ઉત્તરના ઠંડા પવનને અટકાવવા ઓશરીના થાંભલાઓને પડદાથી ઢાંકી દેવામાં આવ્યા હતા. શિયાળાના દિવસો હતા. ઓશરીમાં પહોંચતાં જ ઓરડાનું બારણું રામકૃષ્ણદેવે અટકાવી દીધું. નરેન્દ્રને નવાઈ લાગી કે આવું વિચિત્ર વર્તન આ પૂજારી કેમ કરી રહ્યા છે? કદાચ તેઓ તેને ખાનગીમાં કોઈ ઉપદેશ આપવા માગતા હશે?

ના. અચાનક તેમના બંને હાથ પકડી રામકૃષ્ણદેવ રડવા લાગ્યા. આંખમાંથી આંસુની ધાર ચાલી જતી હતી. પછી પોતાના બંને હાથ જોડી નરેન્દ્ર કોઈ દેવતા હોય તે રીતે તેઓ બોલવા લાગ્યા : તમે કેટલા બધા મોડા આવ્યા છો? શું તે યોગ્ય છે? હું તમારી રોજ આવવાની વાટ કેટલા વખતથી જોયા કરું છું? સંસારીજનોની વાતો સાંભળી સાંભળી મારા કાનનાં મૂળિયાં બળી ગયાં છે. મને લાગતું હતું કે હું ફાટી પડીશ. બીજું શું થાય? મને કોઈ સાંભળવાવાળું, સમજવાવાળું ન હોય ત્યાં! હું જાણું છું કે તમે નારાયણ છો નરના અવતાર. મારા પ્રભુ! તમે માનવજાતના દુઃખ દૂર કરવા પૃથ્વી ઉપર આવ્યા છો.

તેમના આ પ્રલાપ લાગતાં વાક્યો સાંભળી અઢાર વર્ષનો આ તરવરીયો. વ્યાયામવીર જેવા ખડતલ શરીરવાળો કોલેજીયન દિગ્મૂઢ બની ગયો. એક વિરોધનો અક્ષર, સૂર મ્હોંમાંથી કાઢવાની શક્તિ જાણે હરાઇ ગઇ! અરે, આ કઇ જાતનો પૂજારી. પાગલ માણસ જેમ આડુંઅવળું ઢંગધડાવિનાનું બોલે છે! હું છું વિશ્વનાથ દત્તનો પુત્ર નરેન્દ્ર! અને તે મને નારાયણનો અવતાર કહે છે!

છતાં નરેન્દ્રએ મૌન સેવ્યું. આ અદ્‌ભુત પાગલ પૂજારીને મનફાવે તેમ બોલવા દીધું. "થોડીવાર ઊભો રહે!" એવો આદેશ આપી આ પાગલ પૂજારી ઓરડામાં ગયો ને ત્યાંથી પડીયામાં માખણ, પતાસા સંદેશ (એક મીઠાઇ) સહિત બીજો પ્રસાદ લઇ આવ્યો. ને પોતાને હાથે જ નરેન્દ્રના મ્હોં પાસે લઇ જઇ 'પ્રભુ, આ આરોગો' કહી ખવડાવવાની ચેષ્ટા કરી. નરેન્દ્રએ તે અટકાવી કહ્યું : 'અરે! હું શું નાનો બાળક છું? મારા હાથમાં આપી દો. હું મારા મિત્રોની સાથે તે લઇશ. 'ના રે!' તેણે મક્કમતાથી કહ્યું ને બધો પ્રસાદ પોતાને હાથે જ નરેન્દ્રને ખવડાવ્યે છૂટકો કર્યો. તારા મિત્રોને ય જુદો પ્રસાદ મળશે. આ તો તારા માટે જ છે!

પછી નરેન્દ્રનો હાથ પોતાના હાથમાં લઇ કાલાવાલા કરતા તે બોલ્યા : મને વચન આપ કે તું પાછો જલ્દી અહીં આવીશ. એકલો. ને મને મળીશ. તેના શબ્દોમાં હૃદયનો સ્નેહ છલકાતો હતો. પરાણે નરેન્દ્રએ વચન આપવું પડયું : "હું ચોક્કસ આવીશ" પછી બંને જણ ઓરડામાં પાછા ગયા. નરેન્દ્ર તેના મિત્રો સાથે કાંઇ બન્યું ન હોય તેવી સ્વસ્થતાથી બેસી ગયો. તેમ રામકૃષ્ણદેવ પણ તેમની નાની પાટ પર બેઠા. હવે નરેન્દ્રએ બારીકાઇથી અવલોકન કર્યું. તેણે જોયું કે પૂજારીનું બધું પાગલપણ અદૃશ્ય થઇ ગયું છે. ને સામાન્ય માનવીની જેમ તે



વાત કરી રહ્યા છે! ને તેમાં કાંઇ અસામાન્ય ન હતું. તેમના પોતાના પ્રત્યક્ષ આધ્યાત્મિક અનુભૂતિથી તરબોળ બનીને આવતી વાણીના રણકામાં સચ્ચાઇ, સહૃદયતા ને મધુરતા હતાં, આ મહાન ત્યાગી પુરુષના વાણી ને વ્યવહારમાં એકરૂપતા દૃષ્ટિગોચર થતાં હતાં. તેની ભાષા સરલ, થોડું તોતડું બોલતા નાના બાળક જેવી મીઠી હતી.

નરેન્દ્ર તેની નજીક સર્યો ને પૂછ્યું, 'મહાશય, ઈશ્વર છે? ઠાકુર બોલ્યા, 'કેમ રે, છે જ છે,' નરેન્દ્રએ પૂછ્યું, 'પણ મહાશય તમે તેને જોયા છે? "ચોક્કસ તને જોઉં છું તેની કરતાં ય વધુ સ્પષ્ટ. ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકાય. તેની સાથે હું તારી સાથે કરું છું તે કરતાં ય વધુ નિકટતાથી વાતચીત કરી શકાય. પરંતુ ઈશ્વરની કોને પડી છે? સૌ કોઇ સંસારમાં બૈરાં–છોકરાં–ધન–નોકરી–ધંધા–પૈસા માટે જ ઘડો ભરીને આંસુ સારે છે. જો કોઇ પણ જન આ રીતે ઈશ્વરને ખાતર અંતરથી રડે તો તે અવશ્ય તેની સમક્ષ પ્રગટ થશે જ!

નરેન્દ્રના હૃદયમાં આ વાત સોંસરવી ઉતરી ગઇ. જાણે સાચે જ ઈશ્વરદર્શન, ઈશ્વર સાક્ષાત્કાર કર્યો હોય તેવા એક નરવીરને તેણે જીંદગીમાં પહેલી જ વાર જોયો. તેનાથી તે અત્યંત પ્રભાવિત થયો ને પ્રકાશિત પણ. છતાં તેની સાથે ઠાકુરે જે વિચિત્ર વર્તન કર્યું હતું તેનો તાગ તેને કેમે કરીને મળ્યો નહીં. એટલે નરેન્દ્રને ખાત્રી થઇ કે આ મહાપુરુષ ત્યાગી, વૈરાગી હોવા છતાં મગજનો ચસકેલ છે જ!

આવા વિચારપ્રવાહ વચ્ચે ઠાકુરને પ્રણામ કરી, પોતાને ઘેર જવાની રજા માગી. તેઓ બોલ્યા 'બેટા. ખુશીથી જા. પણ તે અહીં વહેલા આવવાનું વચન આપ્યું છે તે યાદ રાખજે.'

## બીજી મુલાકાત

નરેન્દ્રની બીજી મુલાકાત, કલકત્તાથી દક્ષિણેશ્વર, પદયાત્રાથી થઈ. પહેલી મુલાકાત વખતે ગાડીમાં ખબર ન પડી, પણ આ પદયાત્રાથી ખ્યાલ આવ્યો કે તે ખૂબ દૂર છે ને રસ્તો ખૂટે એવો નથી. બે ચાર જગ્યાએ પૂછ્યા બાદ તે માંડ માંડ દક્ષિણેશ્વર પહોંચ્યો ને સીધો ઠાકુરના ખંડમાં જ ગયો. ઠાકુર ઊંડા ધ્યાનમાં ગરકાવ હતા. મોટી પાટ આગળની નાની પાટ ઉપર તેઓ એકલા જ બેઠા હતા. કોઈ બાહ્યસંજ્ઞા ન હતી. આંખ ઊઘડી ને મને જોઈ તે ખૂબ રાજી થયા તે મને તેમની પાટના એક ખૂણે બેસવા જણાવ્યું. ઠાકુર વિચિત્ર ભાવમાં હતા. ને કંઈક તેને ન સમજાય તેવા અસ્પષ્ટ શબ્દો, વાક્યો તે બોલતા હતા. તેમ કરતાં કરતાં તેઓ નરેન્દ્ર તરફ ખસવા લાગ્યા. નરેન્દ્રને થયું કે તે દિવસની જેમ આ પૂજારીની ડાગળી ચસકી છે ને તે પુનઃ કંઈક કરી બેસશે. આ વિચાર તેના મગજમાં આવ્યો કે તત્ક્ષણ ઠાકુરે પોતાનો પગ ઊંચો કરીને નરેન્દ્રના શરીર ઉપર મૂકી દીધો. તેણે કદીય કલ્પના સુદ્ધાં ન હતી તેવો અદ્ભુત—ચમત્કારિક કહેવાય તેવો અનુભવ થયો.

ઊઘાડી આંખે તેણે જોયું કે દિવાલો સહિત બધું જ, બધાં મકાનો સુદ્ધાં ચક્કર ચક્કર ફરી રહ્યાં છે. ને સમગ્ર પૃથ્વી સાથે બધું કોઈ અનંત શૂન્યાવકાશમાં અદૃશ્ય થઈ રહ્યું છે, ઈશ્વરનું **कालोऽस्मि लोकक्षय कृतप्रवृतः** ભીષણ સ્વરૂપ અહીં પ્રકટ થઈ રહ્યું હતું. આ પ્રત્યક્ષ મૃત્યુનો અનુભવ હતો. નિડર અખૂટ હિંમત પોતે ધરાવે છે તેનો ગર્વ ચકનાચૂર થઈ ગયો તે જોર જોરથી બૂમો પાડવા લાગ્યો. તમે મને શું કરી રહ્યા છો. મારું શરીર ક્યાં છે? શું તમે જાણતા નથી મારાં માતાપિતા ઘેર મારી રાહ જોતાં બેઠાં છે?

રામકૃષ્ણદેવ તેનો આ વિલાપ સાંભળી ખડખડાટ હસી



પડયા. તેમણે નરેન્દ્રની છાતીએ સ્પર્શ કર્યો. બોલ્યા, "ભલે, ભલે! આ અનુભવ ભલે અહીં જ અટકી જતો. બધું ભોજન એક કોળિયે નહિ ખવાય. બધું ક્રમશઃ ભલે થતું! નરેન્દ્રએ આ શબ્દો સાંભળ્યા. સાંભળતાં વેંત આ અદ્ભુત દૈવી અનુભવ અચાનક જેટલો જલ્દી આવ્યો તેટલો જ અચાનક અદૃશ્ય થઈ ગયો. નરેન્દ્રએ જોયું તો અંદર—બહાર બધું જેવું સ્થિર હતું તેવું ને તેવું જ સ્થિર હતું. ચક્રવાત વાવાઝોડા જેવો આ દિલધડકન અનુભવ થતાં નરેન્દ્ર થોડો સમય અવાક્ બની ગયો. અચેત બની ગયેલ શરીરનાં અંગોમાં પુનઃ પૂર્વવત્ ચેતનનો સંચાર થયો, પૂર્વવત્ બધું સામાન્ય બની ગયું.

આ અનુભવ વર્ણવવા માટે જેટલો સમય લાગ્યો છે એટલો સમય ત્યારે લાગ્યો ન હતો. માત્ર થોડી ક્ષણોમાં આનો પ્રચંડ વિરાટ શરીર મન પ્રાણ ખમી ન શકે તેવો વિચિત્ર દૈવી અનુભવ સમાપ્ત થઈ ગયો.

આ અદ્ભુત અનુભવ સમાપ્ત થઈ ગયો. તે સાથે જ નરેન્દ્રનું મન એનું પૃથક્કરણ કરવામાં લાગી ગયું. આ બધું બની ગયું, સ્વપ્નવત્ છતાં જાગ્રત અવસ્થા કરતાં ય વધુ તીવ્ર—શું હતું? જેને પ્રથમ મુલાકાતમાં 'આ માણસ પાગલ છે, મગજનો ચસકેલ છે' તેવો પોતાના મતનું ય વિશ્લેષણ તે કરવા લાગ્યો. ના, આ માણસ અદ્ભુત છે, અને પ્રચંડ ઈચ્છાશક્તિ ધરાવે છે. સમુદ્રનાં તોફાને ભગવાન ઈશુની આજ્ઞા પાળી હતી ને પાળીતા જીવ માફક તેના ઈશારે શાંત થઈ ગયાનું તેણે વાંચ્યું હતું. શું આ માણસ ઈશ્વરનો જ અવતાર છે? તેની પ્રચંડ ઈચ્છાશક્તિ મારી જેવા પ્રબળ ઈચ્છાશક્તિવાળા યુવાન ઉપર આવી તીવ્ર, ત્વરિત અસર કરી શકે?

આ અદ્‌ભુત પાગલ લાગતો માનવી સંમોહન વિદ્યા વશીકરણ વિદ્યાનો નિષ્ણાત જાણકાર હતો? તેના ઉપર આ વિદ્યાનો પ્રયોગ આ પાગલ લાગતા માણસે સફળતાપૂર્વક કેવી રીતે કર્યો? નરેન્દ્રને પોતાના મનોબળનું અભિમાન હતું. નબળા મનોબળવાળી વ્યક્તિઓ ઉપર પ્રચંડ મનોબળ ધરાવતા સંમોહનવિદ્યાના નિષ્ણાતો ધાર્યો પ્રભાવ પાડી શકે. પરંતુ નરેન્દ્ર તો કોઇની શેહમાં ન આવે તેવું પ્રચંડ મનોબળ ધરાવતો હતો. તેણે નક્કી કર્યું કે આ રહસ્યસભર અદ્‌ભુત અનુભવનો તાગ મેળવવો, આ પાગલ–ચસકેલ લાગતો પૂજારી પોતાની ઉપર ફરી વાર આવો પ્રયોગ કરે તોપણ તેને વશ ન જ થવું તેવો તેણે નિર્ણય કર્યો. પરંતુ તેને ભાવિની ભીતરના ભેદનો પૂરો ખ્યાલ આવવાનો બાકી હતો, તેની ખબર ન હતી. (ક્રમશઃ)

શરીરની અતિશય મોહિની હોય તો વ્યાધિ પણ ભગવાન પેદા કરે, જેથી શરીરમાંથી પણ મન ઉપરામ થઇ જાય. અને પછી ભક્ત ભગવાનને જ સર્વ ભાવે, સર્વ પ્રકારે, સર્વ ક્ષણે, સર્વ સ્થળે ભજતો બની જાય. ભગવાનનો જ થઇ જાય. — યોગેશ્વરજી

દીપક સી. મહેતા

કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત–૧

માતૃભૂમિની રક્ષા કાજે સમર્પિત જવાનોનાં કલ્યાણ માટે
"મુખ્ય મંત્રીશ્રીના રાહતનિધિમાં" ફાળો આપતા

## મુખ્ય મંત્રીશ્રીની અપીલ

છેલ્લા કેટલાક દિવસોથી દેશની જમ્મુ–કાશ્મીર સરહદે વિદેશી તત્ત્વોની ઘૂસણખોરીના અને સરહદી સલામતીના જે પ્રશ્નો ઉપસ્થિત થયા છે તેનાથી સૌ દેશવાસીઓ જ્ઞાત છે જ. આ પરિસ્થિતને ધ્યાને લઇને સમગ્ર દેશને જેના ઉપર ગૌરવ છે તેવાં લશ્કરી દળોએ જાનની બાજી લગાવીને આવા નાપાક પ્રયાસોને નિષ્ફળ બનાવવાની અસરકારક કામગીરી કરી છે. ભારતીય લશ્કરના આ વીરતાભર્યા અને સાહસપૂર્ણ પગલાને કારણે માભોમની રક્ષા કાજે લશ્કરી જવાનોએ પોતાના પ્રાણ ન્યોચ્છાવર કર્યાં છે અને કેટલાક જવાનોને તેમ જ અધિકારીઓને કાયમી ગણાય તેવા પ્રકારની ગંભીર ઇજાઓ થવા પામી છે. આવી ઉમદા રાષ્ટ્રીય ભાવના સાથે દેશની સરહદની રક્ષા કરવા માટે જાનની બાજી લગાવનાર ભારતીય લશ્કરી દળના જવાનો–અધિકારીઓને તેમના કપરા સમયમાં સહાયભૂત થવું એ આપણા સૌની નૈતિક અને રાષ્ટ્રીય ફરજ બને છે. આવી કપરી પરિસ્થિતિમાં આપણે વીર જવાનો માટે જે કાંઇ કરીએ તે ઓછું છે. આ વિકટ પરિસ્થિતિમાં આપણે સૌ સહભાગી થઇ ઓછામાં ઓછું એક દિવસનું વેતન મુખ્ય મંત્રીશ્રીના રાહતનિધિમાં આપીએ અને તે હેતુ માટે જે રકમ એકત્રિત થાય તે લશ્કરના જવાનોના કલ્યાણ માટેની નિધિમાં જમા કરાવીએ તે આપણી ફરજ છે. આપણે બધા તે પ્રમાણે કરીશું જ તે માટે મને કોઇ શંકા નથી.

કેન્દ્ર અને રાજ્યસરકાર, સહકારી સંસ્થાઓ, બોર્ડ–નિગમો, ખાનગી કંપનીઓ, શૈક્ષણિક સંસ્થાઓમાં કામ કરતા ભાઇ–બહેનો પોતાનું એક દિવસનું વેતન મુખ્ય મંત્રીશ્રીના રાહતનિધિમાં આપે અને આ આપત્તિમાં ભોગ બનેલાંને વધારે સહાય પહોંચતી કરે તેમાં આપણી સૌની માનવતા દીપી ઊઠશે.

મુખ્ય મંત્રીશ્રીના રાહતનિધિમાં અપાયેલ ફાળો આવકવેલા ધારા હેઠળ ૧૦૦ ટકા મુક્તિને પાત્ર થાય છે, તે આપ જાણો છો. ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીનું રાહતફંડ, મહેસૂલ વિભાગ, બ્લોક નં. ૧૧, સાતમા માળે, સચિવાલય, ગાંધીનગરના સરનામે, ચેક, ડ્રાફ્ટ અથવા રોકડથી નાણાં જમા કરાવી શકાશે.

– કેશુભાઇ પટેલ
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય.

માહિતી

# આરોગ્ય સોપાન

હરીશભાઇ કોન્ટ્રેક્ટર

## પ્રાણાયામ

દેવોને પણ દુર્લભ એવા આપણા ભારતવર્ષે વિશ્વને જે આધ્યાત્મિક ક્ષેત્રે પ્રદાન કર્યું છે, તેમાં જ્ઞાનના ભંડાર એવા ચાર વેદો, ઉપનિષદો, યોગવશિષ્ઠ, ગીતા જેવા અમૂલ્ય ગ્રંથો, જન-સમાજનું માનસ ઘડતર અને સંસ્કાર સિંચન કરતા રામાયણ અને મહાભારત જેવા મહાન પુરાણો, જ્ઞાન, ભક્તિ, કર્મ, યોગ જેવી વિશિષ્ઠ સાધના પ્રણાલિ; આસન, પ્રાણાયામ, હઠયોગની વૈજ્ઞાનિક ઢબે દર્શાવેલ પ્રક્રિયાઓ તેમ જ સંસ્કૃત ભાષા કે જેમાં આપણા મહાન ઋષિ–મુનિઓ, દાર્શનિકો વગેરેએ પોતાના અનુભૂતિ ભરેલ સમૃદ્ધ જ્ઞાનવારસો આપેલો છે, તેનો સમાવેશ થાય છે.

આપણે અગાઉ જોઇ ગયા કે હવાનો સૌથી સારો ઉપયોગ પ્રાણાયામદ્વારા થઇ શકે છે. તો પ્રાણાયામ શું છે, તેના દ્વારા શું લાભ થાય છે વગેરે બાબતો ટૂંકમાં જોઇશું.

અષ્ટાંગયોગના રચયિતા અને પ્રખર અભ્યાસી તેમ જ સિદ્ધ-હસ્ત મહર્ષિ પતંજલિએ તેમના સુપ્રસિદ્ધ યોગસૂત્રમાં પ્રાણાયામ-ની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે, "**तस्मिन् सति श्वासप्रश्वासयोर्गति-विच्छेदः प्राणायामः।**" આપણે સામાન્ય રીતે જે શ્વાસ અંદર લઇએ છીએ અને બહાર કાઢીએ છીએ તેમાં કોઇ ઊંડાઇ, ગહ-નતા કે સંવાદિતા હોતી નથી. તેથી તેનો વિચ્છેદ કરી એટલે કે ભંગ કરીને, નિશ્ચિત પદ્ધતિથી સંવાદિતા (રીધમ) જાળવી તેનો



ઉપયોગ કરીએ તે જ પ્રાણાયામ છે. તે સરળતાથી સમજવા માટે આપણે આપણા શરીરની રચનાનો થોડો ખ્યાલ મેળવવો જરૂરી છે, તેથી પ્રાણાયામની ઉપયોગીતા વધુ સારી રીતે સમજી શકાશે.

માનવશરીરના સુચારૂ સંચાલન માટે ઈશ્વરે તેમાં જુદા જુદા તંત્રની રચના કરી છે–જેવા કે અસ્થિ તંત્ર, મજ્જા તંત્ર, પાચન તંત્ર, ઉત્સર્ગ તંત્ર, શ્વસન તંત્ર, રુધિરાભિસરણ તંત્ર વગેરે વગેરે. પ્રાણાયામ સાથે સંબંધિત બે તંત્રો છે–શ્વસન તંત્ર તથા રક્તાભિ-સરણ તંત્ર. તેથી તેના કાર્યો તથા અરસપરસના સંબંધ અંગે થોડી જાણકારી મેળવીએ. શ્વસન તંત્રના મુખ્ય અવયવો–નાક, શ્વાસ-નળી, ફેફસાં છે; જ્યારે રક્તાભિસરણ તંત્રમાં મુખ્યત્વે હૃદય, ધમનીયો, શિરાઓ, નાડીઓનો સમાવેશ થાય છે.

હૃદય એ ચોવીસે કલાક, સતત અને અવિરતપણે ધબકતું પંપ જેવું યંત્ર છે, જે આકુંચન, સંકોચનની ક્રિયાદ્વારા લોહી ફેંકે છે. જેને ધબકાર કહેવાય છે. દર મિનિટે લગભગ ૬૦ થી ૭૦ વખત ધબકી નાનીમોટી નસો મારફત લોહી આખા શરીરના જુદા જુદા અંગોને પહોંચાડે છે, કારણ કે લોહીવડે જ શરીરના અંગો વવિધ ક્રિયાઓ કરી શકે છે. હૃદયમાંથી નીકળેલું લોહી શરીરના વિવિધ અંગોમાં ફરી ફરીને પાછું હૃદયમાં આવે છે, ત્યારે તેમાં જાત જાતનો કચરો, મેલ, નકામા પદાર્થો વગેરે અશુદ્ધિઓ ભળી જાય છે. જેવી રીતે આપણા ઘરોમાં પાણીના નળમાં ચોખ્ખું પાણી આવે છે, પરંતુ વાસણ, કપડાં ધોવા કે સ્નાન ઈત્યાદિમાં વપ-રાશને કારણે જ્યારે તે જ પાણી ગટરમાં જાય છે, ત્યારે ગંદુ થઇ જાય છે, તેવી રીતે હૃદયમાં પાછું આવતું લોહી અશુદ્ધ બની જાય છે. હૃદય પાસે આવા અશુદ્ધ લોહીને શુદ્ધ કરવા પોતાની વ્યવસ્થા નથી, પરંતુ તે આવા અશુદ્ધ લોહીને શુદ્ધિ માટે ફેફસાંને મોકલે

છે. ફેફસું એ છાતીની બંને બાજુ આવેલું પોલું અને લાખો સૂક્ષ્મ વાદળીઓ જેવા હવાચૂસકો ધરાવતું અદ્‌ભુત અંગ છે. આપણે શ્વાસનળી મારફત શ્વાસ અંદર લઈએ છીએ તેમાં પ્રાણવાયુ (ઓક્સીજન) હોય છે, તે ફેફસામાં રહેલા લોહીના સૂક્ષ્મકણોના સંપર્કમાં આવે છે અને એક પ્રકારની જલનક્રિયા થાય છે, જેને અંગ્રેજીમાં ઓક્સીડાઈઝેશન કહે છે. આ ક્રિયાથી લોહીની અશુદ્ધિઓ બળી જાય છે અને લોહી શુદ્ધ થાય છે. આ શુદ્ધ થયેલું લોહી પાછું હૃદયમાં જાય છે, જે હૃદય આખા શરીરમાં મોકલે છે. આમ હૃદય અને ફેફસાં વચ્ચે લોહીના આદાનપ્રદાનની પ્રક્રિયા એકધારી રીતે અવિરતપણે અખંડ ચાલુ રહે છે.

ઉપર જણાવ્યું તેમ હૃદયમાંથી ફેફસાંમાં આવતું અશુદ્ધ લોહી, શુદ્ધ થઈને પાછું હૃદયમાં જાય છે, પરંતુ જો આવી રીતે બધું જ લોહી શુદ્ધ થઈ જતું હોત તો પ્રાણાયામની કોઈ આવશ્યકતા રહે નહીં. વાસ્તવિક પરિસ્થિતિ જોઈએ તો દુઃખદ અને ઊલટી છે. વિજ્ઞાનનો એક અટલ નિયમ છે કે તે અવકાશ(વેક્યુમ)ને રહેવા દેતું નથી, પરંતુ તુરત જ હવા કે પાણીવડે પૂરી દે છે. ફેફસું પણ જેટલું ખાલી થાય તેટલું તુરત બહારની હવાથી ભરાઈ જાય છે. કરુણતા એવી છે કે સામાન્ય માનવી જે શ્વાસ અંદર લે છે અને બહાર કાઢે છે, તેનાથી ફેફસાંમાંની હવાના ઉપરના ભાગને જ અસર થાય છે. શરીરશાસ્ત્રીઓની ગણત્રી પ્રમાણે ફક્ત પંદર ટકાથી ત્રીસ ટકાની જ હવાની આવનજાવન શ્વાસપ્રશ્વાસદ્વારા થાય છે, અને ૭૦% થી ૮૫% જેટલી હવા ફેફસાંમાં એમ જ પડી રહે છે, જેથી લોહીની શુદ્ધિ પણ તેમના જ પ્રમાણમાં એટલે કે પંદરથી ત્રીસ ટકા જેટલી જ થાય છે, અને બાકીનું મોટાભાગનું અશુદ્ધ લોહી જ ફરી હૃદયમાં પાછું જાય છે અને આવું અશુદ્ધ લોહી આખા શરીરમાં મોકલવા હૃદય લાચાર બને છે. અશુદ્ધ



લોહીથી શરીરમાં જાતજાતની મુશ્કેલી, વેદના કે રોગ ઉત્પન્ન થાય છે, તે સ્હેજે સમજી શકાય તેમ છે.

ઉપરની વાત આસાનીથી સમજવા માટે એક દૃષ્ટાંત રજૂ કરું છું. ધારો કે એક સ્થળે ચાર માણસો જમવા માટે બેઠા છે. ભોજનમાં મુખ્યત્વે કેરીનો મીઠો, મધુરો, તાજો રસ છે. દરેકને શરૂમાં એક એક વાટકો ભરીને રસ પીરસનારે પીરસ્યો છે. પીરસનાર ખૂબ પ્રેમથી જેટલો જોઈએ તેટલો રસ પીરસવા તૈયાર છે. થોડીવાર પછી જ્યારે કમંડળ ભરીને રસ લઈ આવે છે, ત્યારે પીરસનાર જુએ છે કે પહેલી વ્યક્તિએ પૂરેપૂરો વાટકો ખાલી કર્યો છે, તેને ફરી આખો ભરી દે છે, બીજાએ અડધો ખાલી કર્યો છે તો તે ફરી ભરવા અડધો વાટકો રસ પીરસે છે, જ્યારે ત્રીજાએ ફક્ત પા વાટકો રસ ખાલી કર્યો છે જેથી તેને પા વાટકા જેટલો રસ રેડવાથી વાટકો પૂરો ભરાઈ જાય છે, પરંતુ છેલ્લી ચોથી વ્યક્તિએ ફક્ત થોડો જ રસ ચાખ્યો છે, તેથી તેનો વાટકો સ્હેજ જ ખાલી થયો છે, જેથી પીરસનારની ઘણી ઈચ્છા છતાં વધુ રસ પીરસી શકાતો નથી. આવી જ રીતે જેઓ છીછરો શ્વાસ લે છે, તેમનું ફેફસું ફક્ત થોડુંક જ ખાલી થાય છે. પરિણામે નવી હવા થોડા પ્રમાણમાં ફેફસાંમાં દાખલ થાય છે. લોહીની શુદ્ધિ પણ તે પ્રમાણે અલ્પમાત્રામાં થાય છે. જેમ વધુ રસ પીવો હોય તો વાટકો વધુ ખાલી કરવો પડે, તેવી રીતે શુદ્ધ હવા વધુ પ્રમાણમાં લેવી હોય તો ફેફસું વધુ ખાલી કરવું પડે, તે સ્વાભાવિક છે.

આપણું ધ્યેય વધુ પ્રમાણમાં લોહી શુદ્ધ થાય તે છે, જેથી આગળ ઉપર જણાવ્યા પ્રમાણે ફેફસાં જેમ બને તેમ વધુ ખાલી થવા જોઈએ, જેથી તે નવી હવાથી આપમેળે ભરાઈ જાય. આમ,

પ્રાણાયામનું ક્ષેત્ર શરૂ થાય છે. આપણા ઋષિમુનિઓએ વર્ષોના સંશોધન બાદ એવી પ્રક્રિયાઓ વિકસાવી કે જેથી ફેફસાં વધુ પ્રમાણમાં અને વધુ સમયસુધી તાજી હવાનો લાભ મેળવી શકે અને શરીરને શુદ્ધ લોહીદ્વારા તંદુરસ્ત, ચપળ અને જોમવાળું બનાવી શકાય. પ્રાણાયામમાં વપરાતા કેટલાક ખાસ શબ્દોનો અર્થ સમજતાં પૂર્વે પ્રાણાયામના ફાયદાઓ જોઈએ.

(ક્રમશઃ)

જપ, પ્રાર્થના કે સેવાપૂજાનાં સાધનોદ્વારા પ્રેમમય થયેલું તમારું હૃદય ઈશ્વરના દર્શન માટે જ્યારે રાગમય થશે, વ્યાકુળ બનશે, ત્યારે ઈશ્વરનું દર્શન થઈ રહેશે. ઈશ્વરના સાક્ષાત્ દર્શન માટે પ્રેમ, તલસાટ અને તીખી તરસ જોઈએ. યોગેશ્વરજી

ઘ. : ૪૪૧૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૫૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ-૩૬૦૦૦૨



# પ્રણામની પરિણતિ

ડો. હિમાંશુ પાઠક

પરિણતિ = પરિણામ–ફળ.

**નોંધ :** પૂ. મા શ્રી સર્વેશ્વરીએ તા. ૧૪ એપ્રિલ, ૯૯ના રોજ મુંબઈમાં શ્રી મધુભાઈ ભટ્ટના ઘરેથી સાંજે વિદેશયાત્રા માટે એરપોર્ટ રવાના થતાં પહેલાં ઉપસ્થિત સાધકોને જણાવ્યું કે હવે છેલ્લો પ્રણામનો પ્રસાદ. જેમને પોતાનાંગત જન્મ અને આ સંચિત પાપ નષ્ટ કરવાં હોય તે આ પ્રણામમાં જોડાય.

શ્રી યોગેશ્વર પરિવારના સાધકો અને અધ્યાત્મના વાંચકો જાણે છે કે પૂ. માને ગત આસો નવરાત્રિના બીજા દિવસે અકસ્માતમાં બંને પગે હાડકાં તૂટી જવાથી ભારે ઈજા થયેલી. તેથી તેઓ લગભગ ત્રણ ચાર માસ રોજના નિયમ પ્રમાણેના પ્રણામ નહિ કરી શકેલાં, આ બધા માંદગીના દિવસોનું પ્રણામોનું ચઢેલું દેવું પગ સારા થતાં રોજ ત્રણ ચાર વાર પ્રણામો કરી પૂ. માએ ભરપાઈ કરવા માંડયું. અમને છેલ્લે જુલાઈના પહેલા અઠવાડિયામાં પૂ. મા તરફથી જાણવા મળ્યું કે પૂ. માએ પૂ. ગુરુદેવના પ્રણામોનું ચઢેલું દેવું–પૂરેપૂરું ભરપાઈ કરવા માટે પૂ. મા રોજ એક એક હજાર પંચાંગ પ્રણામ કરતાં. જેમ દશરથ પર્વતની યાત્રા એ પૂ. માની અદ્દભુત તિતિક્ષા લીલાની યાત્રા હતી. દેહાતીત દશાના દર્શનની યાત્રા હતી, તો અકસ્માત પછી પ્રણામોની લીલા એ પણ એવી જ એક અદ્દભુત દેહાતીત અવસ્થાની લીલા હતી. કોટિ કોટિ વંદન હો. પૂ. માની એ પ્રણામ લીલાને. —તંત્રી

હું સ્વભાવે બુદ્ધિવાદી છું. ઝડપથી કોઇની પણ વાત માની ન શકું. પછી એ પૂ. મા પણ કેમ ન હોય? પૂ. માએ પ્રણામ કરવાની પ્રથા પાડી. શરીરને એક જ દિશામાં ૧૦૮ વાર વાળવું એ મારી દૃષ્ટિએ મૂર્ખતા હતી. મારી આ માન્યતાને વિજ્ઞાનનું પીઠબળ હતું. જો તમે સતત એક જ દિશામાં શરીરને વાળો તો શું ખોટું થાય?

* કરોડરજ્જુના બે મણકા વચ્ચે રહેલી ગાદી પર જે દબાણ આવે તે એકસરખું ન રહેવાને પરિણામે ગાદીને ઘસારો પહોંચે અને કમરનો દુઃખાવો હોય તો વધે અને ન હોય તો થાય; તો મને નવાઇ ન લાગે.

* જો તમે એક જ દિશામાં સ્નાયુઓને વાપરો તો સ્નાયુઓને નુકસાન થવાની શક્યતા પુષ્કળ રહે છે. કારણ શરીરના બધા જ સ્નાયુઓ બધી જ દિશામાં વપરાવા જોઇએ. કોઇ એક દિશામાં સ્નાયુઓ બિલકુલ ન વાપરવામાં આવે તો તે સ્નાયુઓ અક્કડ (Stiff) થઇ જાય અને જો એક જ દિશામાં સ્નાયુઓ વધારે વાપરવામાં આવે તો સ્નાયુઓ નબળા પડે છે એ વિજ્ઞાને કહેલું ૧ + ૧ = ૨ જેવું સ્પષ્ટ ગણિત છે.

* શ્વાસોશ્વાસની પ્રક્રિયામાં પણ અડચણ અથવા મુશ્કેલી પડે છે, પરિણામે શ્વાસ–હાંફ ચઢે છે.

* હૃદય પર કારણ વગરનું દબાણ વધે પરિણામે હાઇબ્લડ-પ્રેશર પણ વધી શકે.

* જે રીતે હૃદયનું પ્રેશર આવે છે તેમ આંખના ડોળાનું પ્રેશર પણ હોય છે જેને Intra ocular pressure કહેવામાં આવે છે. જે પ્રેશર પ્રણામ કરવાની પદ્ધતિથી વધી શકે છે; જે આંખના પડદાને નુકસાન કરી શકે.

એટલે હું તો પ્રણામ કરવાની પ્રથાનો વિરોધી બન્યો. જ્યાં



તક મળે ત્યાં હું કહેતો કે આ પૂ. માએ ઊભું કરેલું તૂત છે. વિચાર્યા વગર અમલમાં મૂકવામાં આવેલું અવૈજ્ઞાનિક સાધન છે; જે બને એટલી વહેલી તકે બંધ થઇ જવું જોઇએ. આ વિરોધ પૂ. મા સમક્ષ પણ એક–બે વાર આડકતરી રીતે વ્યક્ત કર્યો હતો. કેટલાયને પ્રણામ ન કરવાની મેં સલાહ આપી હશે. કહો કે મેં તો સરાસર બગાવત જ કરી હતી. પ્રણામ કરવાની પ્રથાની એક પણ ટીકા કરવાની તક મેં ગુમાવી નથી. આ જબરજસ્ત વિરોધ કરવા પાછળનું એક કારણ એ હતું કે મારી કમરના ચોથા અને પાંચમા મણકા વચ્ચેની ગાદીને પુષ્કળ નુકસાન થયું છે. એટલે શરીરને આગળ ઝૂકાવવાની સખ્ત મનાઇ વર્ષોથી ડોક્ટરોએ કરી છે. એટલે મને તો "ભાવતું હતું અને વૈદ્યે કહ્યું" એના જેવું થયું. એટલે મેં તો જીવનમાં ક્યારેય પ્રણામ ન કરવાનું નક્કી જ કરી નાંખ્યું હતું.

પરંતુ પાનખર ઋતુ પૂરી થાય અને વૃક્ષો પર જેમ નવી કૂંપળો ફૂટે તેમ મારી બુદ્ધિમાં એક શુભ પળે એક શુભ કૂંપળ ફૂટી.

બન્યું એવું કે પૂ. માએ પોતાના Surprise આપવાના સ્વભાવ પ્રમાણે છેક છેલ્લી ઘડીએ મને એમની સાથે હરદ્વાર લઇ ગયાં. હરદ્વાર માટે અમદાવાદથી નીકળ્યા ત્યારે કરોડનો આંક પૂરો કરવામાં કંઇક ચાર લાખ જપ પૂ. માને ખૂટતા હતા. એટલે ગંગાકિનારે તો પૂ. મા જપ કરવામાં ડૂબી ગયાં. આપણે નવરા માણસ. એક દિવસ વિચાર આવ્યો કે લાવ, સમય પસાર કરવા માટે બધાની સાથે પ્રણામ કરું. હા, એ નગ્ન સત્ય હતું કે કેવળ સમય પસાર કરવાનો જ એક માત્ર મારો હેતુ હતો.

હું સુરતમાં ૧૯૯૨ થી યોગ સેન્ટર ચલાવું છું. પરિણામે યોગાસનોથી તો હું પરિચિત છું. યોગાસનની પ્રેક્ટીશ પણ નિયમિત કરું છું. કમરના દુઃખાવામાં પણ ઘણી રાહત રહે છે.

મારી નાનપણથી લોન ટેનિશ રમવાની ઇચ્છા હતી. પણ આ મણકાની ગાદીની તકલીફ હોવાને કારણે એક કરતાં વધારે આર્થોપેડીક ડોક્ટરોએ કહ્યું હતું કે, "હિમાંશુ, ટેનિશ તો આવતા જન્મે જ રમવાનું રાખજે." તેનો મને બેહદ અફસોસ રહેતો. ટેનિશ રમવાના મેં ખૂબ ધમપછાડા કર્યા છે. પણ અઠવાડિયામાં એ ખેલ બંધ કરવો પડે. વચ્ચે વળી બિલિયર્ડ રમવા ગયો. પહેલા જ દિવસે અમારી કલબના કોચે જે રીતે શીખવવાનું શરૂ કર્યું તો મારે અછવાડિયાનો આરામ કરવો પડયો. છેવટે નક્કી કર્યું કે ટી. વી. ઉપર મેચ જોઈને સંતોષ માનવો.

ગંગા કિનારે શરૂ કરેલા પ્રણામનો આંકડો તો પહેલે દિવસે અગિયારસુધી પહોંચતાં તો હાંફી ગયો. માનસિક થાક, શારીરિક થાક કરતા વધારે હતો. નવરાત્રી દરમ્યાન પણ અંબાજીમાં ટેવ પાડી હતી પણ વ્યર્થ.

*સુરતમાં તાપી નદી કિનારે એક સંસ્થામાં ટેનિશનું પ્રશિક્ષણ શરૂ થયું. ટેનિશ રમવાની પેલી અધૂરી ઇચ્છા મને એ સંસ્થામાં ખેંચી ગઇ. પ્રથમ જ મીટીંગમાં મેં કોચને કહ્યું કે ભૂતકાળમાં ટેનિશ રમવાના બહુ નાટક કર્યા છે, પણ કમરનો દુઃખાવો હેરાન કર્યા વગર રહેતો નથી. પરિણામે પાંચ–સાત પેગ પીનાર માણસને એક જ પેગ દારૂ આપો ને એની જે સ્થિતિ થાય, એવી મારી સ્થિતિ છે.

કોચીંગ શરૂ થયું ને હિમાંશુ ટેનિશ કોર્ટ પર દોડવા માંડયો. તમને ખબર હશે કે ટેનિશ કોર્ટ કેટલો લાંબો અને પહોળો હોય છે. મેં તો ઊછળી ઊછળીને ફટકા મારવા માંડયા. શરીરનું જોર વાપરીને સર્વિસ કરવા માંડી. ઝૂકી ઝૂકીને રમવા માંડયું. આ ખેલ



અઠવાડિયામાં બંધ જ થવાને છે એવો મને ખ્યાલ હતો. પણ મારા આશ્ચર્ય વચ્ચે એક મહિનો ટેનિશ રમ્યો અને એ પણ રોજનું બે–અઢી કલાક, પણ ન તો દુઃખાવો, ન તો થાક, ન તો શ્વાસ ચઢયો. પાંચ–સાત મહિનાનું બાળક જે વિસ્મય નજરે દુનિયાને જુએ છે એ જ રીતે હું આ ઘટનાને જોતો રહ્યો.

મેં આગળ જણાવ્યું છે, તે પ્રમાણે યોગનિષ્ણાત તરીકે હું આસન તો વર્ષોથી કરું છું, પણ ડોક્ટર હોવાને નાતે પણ હું સતત એક વાતની નોંધ છેલ્લા ત્રણેક વર્ષથી લેતો હતો કે મને સરસ ભૂખ લાગતી નથી. ભૂખ લાગે ખરી, પણ યુવાનને જેવી ભૂખ લાગવી જોઇએ એવી નહિ. એટલે ઘણીવાર તો ખાવાનું ખાવા ખાતર ખાઇ લેતો. તો ઘણીવાર ફળાહાર કરી લેતો. ખાવામાં ઘઉં બંધ કરી જોયા તો પણ ખાસ ફરક ન પડયો. નિયમિત છાશ પીવા માંડી, તો શરદી થવા લાગી. સવારનો નાસ્તો બંધ કરવાનું ધતીંગ પણ કરી જોયું. રાત્રિનું જમણ સૂર્યાસ્ત પહેલાં લેવાનો નિયમ પણ પાણીમાં ગયો. દવાઓ પણ ઘણી કરી. કોઇ પણ રીતે ધારેલું પરિણામ ન આવ્યું.

ટૂંકમાં દિવસમાં બે જ વાર ખાવા માટે મહેનત–મજૂરી–દોડધામ કરતા હિમાંશુને ખાવામાં આનંદ આવતો ન હતો.

આજે પરિસ્થિતિ બદલાઇ ગઇ છે. હું આ લેખ લખું છું ત્યારે સુરતમાં ચોમાસું બેસી ગયું છે, લગભગ આખો દિવસ વાદળીયું વાતાવરણ રહે છે. વરસાદ પણ પડે છે. સર્વ કોઇનો અનુભવ છે કે આ વાતાવરણમાં ભૂખ ઓછી લાગે. અને એટલે જ આયુર્વેદમાં કહેવામાં આવ્યું છે કે **शतं जीवेम शरदः ॥** ઓ શરદઋતુ જીવજો. (પૂજ્ય મા, હું સૌ વતી ઇચ્છું કે આપ પણ સો શરદઋતુ

અમારી સાથે રહેવાનું પસંદ કરો. સાંભળો છે ને મા.) આ જ વાતાવરણમાં સવારે યોગસેન્ટરમાંથી આવીને પ્રથમ નાસ્તો લઉં છું. બપોરે જમણ અને બપોરે નાસ્તો પણ જોઇએ જ, જે આગળ કદી લેતો ન હતો. આજે સાંજે ૫-૦૦ વાગ્યે હળવો નાસ્તો કરું છું અને રાત્રે જમણ. જો યોગમાર્ગમાં ન હોત તો કદાચ સૂતાં પહેલાં પણ કંઇ ખાવાનું ઝાપટ્યું હોત.

મેં તમને આગળ કહ્યું તેમ હું ઝટ કોઇ વાત માની લેતો નથી. ઘણા પ્રયોગો કર્યા પછી આજે એક ડોક્ટર અને યોગ-નિષ્ણાત તરીકે કહું છું કે પૂ. માએ દાખલ કરેલ પ્રણામ પદ્ધતિ સર્વથા યોગ્ય છે. શરીરને કોઇ નુકસાન કરે તેવી નથી. તેનાથી કોઇ નુકસાન થશે નહિ. આ મારો અનુભવ છે.

હું તો એવું કહેવાનું પણ સાહસ કરું છું કે યોગાસન કરતાં પણ પ્રણામ કરવાની વિધિ વધારે ફળ આપનારી સાધના છે. (આ મુદ્દાની ગેરસમજ ન કરવા વિનંતી છે.) અને સૌ કોઇને પ્રણામ કરવાની ભલામણ કરું છું.

મારા એ બંને અનુભવોમાં સર્વેશ્વરીદેવી કરતાં પ્રણામદેવીની કૃપા વધારે જોવા મળે છે. એ બંને દેવીને પ્રણામ.

(તા. ક. પ્રણામ કરનાર ભાઇઓ-બેનોને એક વણમાગી લાહ આપવાનું મન થાય છે કે આ પ્રણામવિધિ દરમ્યાન લય (Rhythum) મેળવવો અત્યંત જરૂરી છે. જેથી સ્નાયુઓ પર બીનજરૂરી તનાવ (Muscular tension) ઉત્પન્ન ન થાય.)

---



# ખૂલ્યો ખજાનો પરમાત્માનો-૯

ડો. બી. જે. જાગાણી

[પરમાત્માની લીલા અપરંપાર છે, સ્થૂળ જગત અને સૂક્ષ્મ જગતનાં રહસ્યો માનવ પામવા મથામણ કરે છે. સ્થૂળ જગતનાં રહસ્યો સ્થૂળ આંખે ને સ્થૂળ શરીરે જોઇ શકાય છે, પણ સૂક્ષ્મ જગતનાં રહસ્યો સ્થૂળ શરીરે જોઇ શકાતાં નથી. એ માટે સૂક્ષ્મ જગતના અનુભવીઓ દ્વારા રજૂ કરવામાં આવેલી હકીકતો જ્યારે જાણવામાં આવે છે ત્યારે ખ્યાલ આવે છે કે પરમાત્માનો ખજાનો ઘણો રહસ્યમય અને વૈવિધ્યપૂર્ણ છે. સને ૧૯૩૧ ના એપ્રિલથી જુલાઇ માસ દરમ્યાન સ્વર્ગસ્થ શ્રીમતી દુર્ગા મથરાણીએ પોતાના પતિના માધ્યમદ્વારા જે સંદેશાઓ લખેલ તેમાંથી ચૂંટી કાઢીને સૂક્ષ્મ જગતની હકીકતો અહીં રજૂ કરીએ છીએ.]

## છઠ્ઠા સ્વર્ગનું વર્ણન

સ્વર્ગસ્થ મથરાણી છઠ્ઠા સ્વર્ગનું જીવંતરીતે વર્ણન કરતાં જણાવે છે કે 'આ સ્વર્ગમાં કેટલાંક રસદાયક ને સુંદર સ્થાનો એવાં છે કે અગાઉના સ્વર્ગમાં આવાં સ્થાનો જોવામાં નથી આવ્યાં. બગીચાનાં ફૂલો જાણે સફેદ હીરા કે લાલ માણેક જેવાં લાગે છે. પાંદડાંઓમાં એવો ચળકાટ છે કે જે તમારી પૃથ્વી પરના લીલાં નિલમોના પ્રકાશને પણ ઝાંખો પાડી દે. ડાળીઓમાંથી એવો પ્રકાશ વહે છે કે ચળકતી કાચની બંગડીઓ જેવો લાગે છે, જેમાં તમારું મોઢું જોઇ શકો છો. તેમનો રંગ પીળા અને ગુલાબી રંગોમાંથી બનાવેલો છે, જે વિચિત્ર છતાં સુંદર લાગે છે. ઘાસની

લોનો એટલી બધી સુંવાળી ને રેશમ જેવી છે કે આપણે સુંવાળા સસલાઓના વાળ ઉપર જાણે ચાલતા ન હોઈએ? જો કે હું અહીં જે જોઉં છું ને અનુભવું છું, તેની સરખામણીમાં મારું આ વર્ણન ઘણું અલ્પ જેવું છે.'

'વૃક્ષો એટલાં બધાં ભવ્ય ને સુંદર છે કે તેમને જોતાં સાથે જ મંત્રમુગ્ધ બની જવાય. ભૂમિતિમાં અપાતા આવતા વિવિધ આકારોને મળતા, અહીં ઘણા બધા ફૂવારાઓ છે. તેઓને અ-પરિચિત એવા દેખાવોના વિવિધ સ્વરૂપોમાં ગોઠવેલા છે, જેથી આ બગીચાઓની શોભામાં તેઓ વધારો કરતા રહે. અજાણ્યા છોડની હારો ને હારો બગીચામાં જોવા મળે છે. તેમના વિરિધ રેખાંકનોને લીધે તેઓ ખૂબ અદ્‌ભુત ને સુંદર લાગે છે.'

'હું સુંદર રંગોવાળા, હવામાં તરતાં વાદળો પણ જોઉં છું. આ વાદળો એવાં રૂપેરી સફેદ રંગનાં છે કે તેમાંના વિવિધ પ્રકારના રંગોના ઓછાવત્તા સંમિશ્રણને લીધે, જ્યારે પ્રકાશ તેમાંથી પસાર થાય છે, ત્યારે આપણે તેની શોભા વખાણ્યા વિના રહી શકતા નથી. હું જ્યારે આ સ્થાનો જોઉં છું ત્યારે મારી જાતને ઉન્નત થયેલી અનુભવું છું અને જે પ્રભુએ આપણા ઉત્કર્ષ માટે આવાં સુંદર પ્રાકૃતિક દૃશ્યો સર્જ્યાં છે, તેમના માટેનો મારો પ્રેમ એકદમ વધી જાય છે.'

**અમૃતના ધોધ :** આ સ્વર્ગના બીજા એક વિભાગમાં ભવ્ય અને સુંદર ડુંગરો છૂટા-છવાયા પથરાયેલા છે. આ ડુંગરોના ઢોળાવો ઉપર ને આસપાસ સુંદર લીલોતરી અને વૃક્ષો આવેલાં છે. તેથી તેઓ અદ્‌ભુત લાગે છે. વળી, ઉપરના સ્વર્ગમાંથી પડતા અમૃતના ધોધના વહેણોથી રીતસરની ખાઈ બની ગઈ છે. આ



અમૃતના પ્રવાહના વહેણના બંને કાંઠે સમાંતર ઘટાદાર વૃક્ષો આવેલાં છે. એમના પડછાયા જ્યારે વહેળાના પ્રવાહમાં પડે છે, ત્યારે પ્રેમ અને સુંદરતાની આકૃતિઓ દેખાય છે.

**પ્રકાશતા દેવદૂતો :** આ સ્વર્ગમાં એક સ્થાન એવું છે કે જ્યાં ઈશ્વરની પ્રાર્થનામાં ખૂબ એકાગ્ર થઈ ગયેલા દેવદૂતોના શરીરો-માંથી નીકળતા તેજોમય પ્રકાશથી બનેલી સુંદર દૃશ્યાવલિ દેખાય છે. કેટલીક વિચિત્ર દડા જેવી ગોળ આકૃતિઓમાંથી એવો પ્રકાશ નીકળતો જોવા મળે છે. જ્યારે દેવદૂતો આ સ્થાનમાં હોય છે ત્યારે આ ગોળ દડા જેવી આકૃતિઓ દેવોની જેમ પ્રકાશવા લાગે છે. આ રીતે પ્રકાશતા દેવદૂતોને લીધે આખું સ્થળ જાણે તેજોમય પ્રકાશના ગઢ્ઢા જેવું લાગે છે.

**ચિત્ર ગેલેરી :** આ સ્વર્ગમાં દેવદૂતોએ, દિવ્ય આત્માઓની છબીઓ ને દોરેલાં ચિત્રોવડે બધી જ બાજુઓ ભરી દેવામાં આવી છે. સર્વશક્તિમાન પ્રભુએ આપેલાં દિવ્ય દર્શનોને લીધે, તેઓ તે પ્રભુનાં જુદાં જુદાં સ્વરૂપો દોરવા શક્તિમાન થયા છે. પૃથ્વી પરના લોકોને તેમના સંકટોમાંથી છોડાવવા માટે, પ્રભુએ સમય સમય પર જે વિવિધ અવતારો ધારણ કરેલ, તેને લગતાં આ દૃશ્યો છે. (સર્વ શક્તિમાન પરમાત્મા જ્યારે ભક્તોની રક્ષા માટે અને અસુરોના વિનાશ માટે પૃથ્વી પર અવતારીરૂપ ધારણ કરીને લીલા કરે તેવાં દૃશ્યો જે દેવદૂતોએ જોયા હોય તે દેવદૂતો આ દૃશ્યોને ચિત્રમાં કંડારીને છઠ્ઠા સ્વર્ગમાં રાખે છે. પ્રભુની કેવી અદ્‌ભુત લીલા છે!)

**વિશ્વનું પ્રતીક :** દેવદૂતોના શિક્ષણ માટે સમગ્ર ભૌતિક વિશ્વ-ના સંપૂર્ણ પ્રતીકનું આકાશમાં દર્શન કરવાનું આ સ્વર્ગમાંના એક

સ્થળે શક્ય બન્યું છે. આ પ્રતીકમાં સૂર્ય, પૃથ્વી, ચંદ્ર અને બીજા ગ્રહો જેઓ પોતાની આસપાસ તેમ જ સૂર્યની આસપાસ ભ્રમણ કરે છે, તેનાં નાનાં સ્વરૂપો જોવામાં મળે છે. એ જ રીતે બીજાં સૂર્યમંડળો પણ જોવા મળે છે. આ આખું પ્રતીક પૃથ્વી કરતાં મોટા એવા એક ગોળા સમાન લાગે છે. શ્રીમતી મથરાણી જણાવે છે કે 'અમે અહીં સૂક્ષ્મ જગતમાં આ ગ્રહોમાંના કોઇ પણ પ્રતિ જોઇને તે ગ્રહના ભૂગોળને લગતાં વશિષ્ટ લક્ષણો–તેની સંપૂર્ણ વિગતો સાથે–બારીકાઈથી જોઇ શકીએ છીએ.'

'અમારી વિચારશક્તિની મદદથી, ભૌતિક વિશ્વમાં જે ખગોળ-શાસ્ત્રને લગતાં પરિવર્તનો બનતાં હોય છે તેમને ખરેખર જોવાનું અમારે શક્ય છે. આ પરિવર્તનોમાં–હિરણ્યગર્ભમાંથી સૂર્યમંડળ અને વિવિધ ગ્રહોની રચના, તથા જુદા–જુદા ગ્રહોમાં થતાં ભૂસ્તર–શાસ્ત્રીય તેમ જ ભૂગોળને લગતા ફેરફારોનો સમાવેશ થાય છે.'

**સંગીતનું કેન્દ્ર :** દેવદૂતો પોતાના હૃદયપ્રદેશમાંથી પરમાત્મા માટેનો પ્રેમ બાહ્ય દુનિયામાં પ્રદર્શિત કરી શકે તે માટે સંગીતનું કેન્દ્ર રાખવામાં આવ્યું છે. પ્રેમથી ભરપૂર સંગીતના સૂરો પેદા કરીને સર્વ દિશાઓમાં વહેતા કરવામાં આવે છે અને અન્ય દેવદૂતોને તેનો લાભ મળે છે.

**પૃથ્વી પર જન્મવા માટે આ સ્વર્ગ પહેલો દરવાજો છે :** બહુ જ ઓછા અપવાદરૂપ આત્માઓને સીધા પાંચમા સ્વર્ગમાં પ્રવેશ મળે છે. આવા દેવદૂતોને જ્યારે છઠ્ઠા સ્વર્ગમાં મોકલવામાં આવે ત્યારે, પૃથ્વી પર ફરી જન્મ લેવા માટે અતિ આવશ્યક એટલા લાંબા કે ટૂંકા ગાળા માટે તે ત્યાં રહે છે. જ્યારે બીજો કોઇ દેવદૂત કે જે ક્રમિક વિકાસદ્વારા નરકમાંથી કે પહેલા સ્વર્ગમાંથી



છઠ્ઠા સ્વર્ગસુધી પહોંચ્યો હોય તેને જ્યાંસુધી તે આત્મા પુનર્જન્મ માટેના પ્રથમ દ્વાર તરીકે ઓળખાતા તબક્કાસુધી ન પહોંચે ત્યાં-સુધી છઠ્ઠા સ્વર્ગમાં રહેવું પડે છે. (સરેરાશ, નરકોમાંથી ત્રીજા સ્વર્ગસુધી પહોંચતાં, સામાન્ય આત્માને સો વર્ષ લાગે છે, ત્યાંથી આગળ સાતમા સ્વર્ગસુધી પહોંચતાં ત્રણસોથી ચારસો વર્ષ લાગે છે. તે પછી પૃથ્વી પર જન્મતાં લગભગ બીજાં સીત્તેર વર્ષ લાગે છે. આ બધા વર્ષોમાં વધારો ઘટાડો કરનારા પરિબળોને ગણતરી-માં લેવાના ખરાં જ. આ પરિબળો છે મૃત્યુ સમયે વ્યક્તિની માનસિક સ્થિતિ, સારા પ્રકાશની આકાંક્ષા, વ્યક્તિની હકારાત્મક ટેવો અને પ્રતિભાવ આપવાની શક્તિ.

સામાન્ય આત્માનું છઠ્ઠા સ્વર્ગમાંનું રોકાણ બે તબક્કાઓનું બનેલું છે. સૌ પ્રથમ છઠ્ઠા સ્વર્ગમાં આવનારને ઈશ્વરના પ્રેમનો એટલો આનંદ થાય છે કે કાયમ માટે ત્યાં જ રહેવાની તે ઇચ્છા કરે છે. થોડા સમય માટે તે આવી સ્થિતિમાં જીવવાનું ચાલુ રાખે છે. છઠ્ઠા સ્વર્ગમાંના તેના રહેવાનો આ પહેલો તબક્કો છે જે દરમ્યાન તે અહીંની ઝગમગતી સુંદર દૃશ્યાવલિ જોઇને અત્યંત આનંદ અનુભવે છે.

પછીથી ધીમે ધીમે તેને સમજાવા લાગે છે કે છઠ્ઠા સ્વર્ગમાંનું આવવું એ આધ્યાત્મિક પ્રગતિની નિશાનીરૂપ નથી. તેને ખાત્રી થાય છે કે ચારિત્ર્ય અને સંસ્કારોને લાગે વળગે છે ત્યાંસુધી તેની જાતનું સાચું પરિવર્તન તેણે સાધ્યું નથી. આથી તે મૂંઝાઇને બેબાકળો થઇ જાય છે.

આ સ્વર્ગમાં દેવદૂતોદ્વારા સમજાવવામાં આવે છે કે ચારિત્ર્ય અને સંસ્કારોનું નિર્માણ કર્મ અગર કાર્ય સિવાય થતું નથી. આથી ચારિત્ર્યનો સુધાર અને સંસ્કારોનું પરિવર્તન કર્મોવડે જ થાય છે.

કર્મો કરવા માટે ભૌતિક શરીરની જરૂર રહે છે. શરીર વિહીન આત્માઓ માત્ર વિચારની ભૂમિકા ઉપર જીવે છે. જ્યારે શરીર-ધારી આત્માઓ કર્મો કે કામો કરવાની ભૂમિકા ઉપર જીવે છે. પૃથ્વી પરના જન્મ દરમ્યાન કરેલ પાપો માટે તેઓ ખરેખર પશ્ચાત્તાપ કરતા નથી કે તેની સજા ભોગવતા નથી. અપાર્થિવ જગત(સ્વર્ગો)ના સુંદર વાતાવરણ કે જેમાંથી સારા તરંગો બહાર નીકળતાં રહે છે, તેમના પ્રત્યેની અભિમુખતાને લીધે તેઓને આ ઉત્થાન પ્રાપ્ત થાય છે. સાચા નૈતિક અને આધ્યાત્મિક વિકાસ માટે તેઓએ ફરીથી પૃથ્વી પર જન્મ લેવો પડશે એવી જ્યારે દેવદૂતો ખાત્રી કરાવે છે ત્યારે સ્વર્ગમાંની દેહવિહીન સ્થિતિમાં રહીને સ્વર્ગીય ભોગો ભોગવતા રહીને જીવન પસાર કરવાનો કંટાળો આવવા લાગે છે. અને ફરી પૃથ્વી પર જન્મ માટે તૈયાર થાય છે. આ માટે સાતમા સ્વર્ગમાં આવશ્યક પરિવર્તનની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે.

**પૃથ્વી પર જન્મવાની આવશ્યક ભૂમિકા :** માનવશરીરની મહાનતા ખૂબ જ છે તે સમજાવવા શ્રીમતી મથરાણી નીચે મુજબના આધારો પૂરા પાડે છે.

૧. માનવશરીરદ્વારા જ ભક્તિ કરી કાય છે અને તે દ્વારા જ પ્રભુને પામી શકાય છે. સૂક્ષ્મદેહ કે શરીરવિનાના દેહદ્વારા ભક્તિ કરી શકાતી નથી.

૨. ભૌતિકશરીરવિનાના આત્માઓ માત્ર વિચારદ્વારા પ્રભુને ચાહી શકે છે, સર્વોચ્ચ સિંહાસનમાંથી જે પ્રવાહો પરમાત્મા મોકલે છે તેમાં ભૌતિકશરીરવિનાના આત્માઓ વિચારો વહાવી શકે છે. માટે તે આનંદ માટેનાં સાધનો જ છે.



૩. ભૌતિકશરીરદ્વારા જ પ્રેમના તરંગો પ્રવાહિત કરવામાં આવે તેમાં જે આનંદ છે તે આનંદ સ્વર્ગમાંની અશરીર અવસ્થામાં નથી.

૪. ભૌતિકશરીર મુક્તિ મેળવવાનું ઉત્તમ સાધન છે કારણ કે અશરીર અવસ્થામાં પ્રભુના તેજ અને સૌંદર્યને જોવા અને વખાણવા માટે ઉત્તમ છે. આવા વખાણથી એવી ઇચ્છાઓ જન્મે છે કે પરમાત્મા સાથે પરમ ધામમાં રહેવું. આવા વખાણથી કંટાળો આવવા લાગે છે. આવા કંટાળાના કારણે પ્રભુ ગત જન્મના સંસ્કારોને આધીન પૃથ્વી પર જન્મ આપે છે.

૫. આવા જન્મની તક મળવાને કારણે આધ્યાત્મિક પ્રગતિ સાધવાના પ્રામાણિક પ્રયત્ન કરી એને (પરમાત્માને) પામવાનો પ્રયાસ કરવામાં આવે છે.

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

ફોન : ૨૨૮૨૩૧

શ્રી દમયંતી સેજપાલના "મારા ગુરુદેવ"ના આધારે

# પ્રેરક પ્રસંગો

સંકલન : પરમાર્થી

## શ્રી સદ્‌ગુરુ સદનની સ્થાપના (રાજકોટ)

પ્રભુદાસભાઈ પૂજારા મૂળ કરાંચીના વતની, ત્યાંથી ધંધાર્થે કલકત્તા ગયેલા. ધંધામાં સારી સફળતા મળતાં, તેમણે ત્યાં પણ શાખા ખોલેલી. પૂજ્યશ્રીનાં ગુણગાન સાંભળીને પ્રભુદાસભાઈ એક દિવસ વાઘજી આશ્રમમાં દર્શનાર્થે આવ્યા. એમણે દર્શન–નમન કર્યા કે તરત જ પૂજ્યશ્રીએ પૂછ્યું : 'કહો કલકત્તા કબ છોડા?'

આ સાંભળીને પૂજારાભાઈને ઘણી નવાઈ લાગી. એ આ આશ્રમમાં પહેલવહેલા જ આવેલા તેમ જ એમને પૂજ્યશ્રી સાથે કોઈ પૂર્વપરિચય પણ નહિ. એમને થયું, હું કલકત્તામાં રહું છું તેની આ સંતપુરુષને કઈ રીતે ખબર પડી ગઈ?

એમના માનસ પર આ પ્રસંગનો ઘેરો પ્રભાવ પડયો. એથી એમનો દર્શન માટેનો ઉપલકિયો ભાવ છૂટી ગયો અને એનું સ્થાન શ્રદ્ધાએ લઈ લીધું.

આ અરસામાં વાઘજી આશ્રમ ભક્તોની સંખ્યામાં થતાં જતા વધારાને સમાવવા માટે નાનો જણાવા લાગ્યો હતો. તેથી અનન્ય ગુરુ ભક્ત શ્રી જાદવજીભાઈની સૂચનાથી રાજકોટના શિષ્ય સમુદાય તરફથી વાઘજી આશ્રમની સામે આવેલી ખાડાટેકરાવાળી જમીન પર 'શ્રી સદ્‌ગુરુ સદન'નામથી મોટો આશ્રમ બાંધવાની તૈયારીઓ થઈ રહી હતી.



નવો આશ્રમ સૌના સહકારથી ટૂંક સમયમાં જ બંધાઈ રહ્યો. તેમાં સંતનિવાસ, શ્રીરામ ભજનાલય, હવનચોક, કોઠાર, પાકગૃહ, ગુરુમઢી વગેરેનું બાંધકામ થયું. આ બાંધકામમાં પૂજારાભાઈનો ફાળો નોંધપાત્ર બની રહ્યો.

* * *

નવા આશ્રમના વાસ્તુના શુભ પ્રસંગે સૌની વિનંતીથી પૂજ્યશ્રી પણ પધાર્યા અને એના આનંદમાં એક લઘુ રામયજ્ઞ કરવાની તૈયારીઓ પણ થઈ.

પરંતુ યજ્ઞના પ્રારંભને સમયે જ અચાનક આકાશમાં કાળાં ડિબાંગ વાદળ ઊમટી આવ્યાં. હમણાં જ ઈન્દ્રાધાર વરસાદ તૂટી પડશે અને રંગમાં ભંગ પડશે એવી સૌને ભીતિ લાગી.

પૂજારાભાઈએ પૂજ્યશ્રી પાસે દોડી જઈને આ વાત કરી. તેઓશ્રી તરત બહાર આવ્યા અને આકાશ તરફ જમણો હાથ ઊંચો કરીને બોલ્યા : 'અપના કામ કરકે ચલે જાઓ.'

ત્યાર પછી એ એક સરખું આકાશ તરફ જોઈ રહ્યા.

ઈન્દ્રરાજાએ પણ એમની આજ્ઞા માથા પર ચડાવી અને શુકન પૂરતાં બે–ચાર અમી છાંટણા છાંટીને ચાલતી પકડી!

ઈન્દ્રરાજાય શું આ મહોત્સવમાં હાજરી આપવા માટે હરખઘેલા બનીને દોડી આવ્યા હશે?

આશ્રમમાં પાણીની ખૂબ તંગી હતી. કૂવાનું તળિયું દેખાતું હતું. આશ્રમની પાછળ આવેલા નાના વોંકળામાં પાણી ભરેલું પડયું હતું, પરંતુ અત્યારે તો પૂરતા પ્રમાણમાં પાણીની જરૂર હતી. આથી પૂજ્યશ્રી આ વોંકળા તરફ જોઈને બોલ્યા : 'યહાંકા કામ પૂરા કરકે પીછે હી યહાંસે જાના, ઈસકે પહેલે નહિ.'

વાસ્તુ પ્રસંગે નવા આશ્રમમાં નવ દિવસ સુધી સાધુ ભોજન અને દરિદ્રનારાયણો માટેની અન્ન સેવા ચાલુ રહી. રોજના દશેકહજાર માણસની રસોઇ તૈયાર થતી.

એ નાના વોંકળાએ બિલોરી કાચ જેવું સ્વચ્છ પાણી જોઇતા મોટા પ્રમાણમાં આપીને યજ્ઞ અને વાસ્તુનું કાર્ય નિર્વિઘ્ને પાર પાડયું!

આજે પણ કુવાડવાની સડક પર આવેલા, 'શ્રી રણછોડદાસજી બાપુના આશ્રમ તરીકે જાણીતા બનેલા શ્રી સદ્‌ગુરુસદનમાં દરરોજ સંતસેવા અને સાધુભોજન થાય છે. ભક્તજનો દર રવિવારે સાંજે પાંચથી સાત વાગ્યાસુધી અને શ્રી સદ્‌ગુરુના પ્રાદુર્ભાવના દિવસ દર સુદ ચતુર્થીના તથા દર સુદ ત્રયોદશી પુણ્યતિથિના દિવસે રાત્રે ૯ થી ૧૧ સુધી ભજન, ધૂન, કીર્તન વગેરે કરતા રહે છે.

* * *

**શ્રીરામ મહાયજ્ઞ**

આ રીતે શ્રીરામ મહાયજ્ઞનો પ્રારંભ થયો.

પૂજ્યશ્રીએ યજ્ઞ માટેના વિશાળ અને સુશોભિત મંડપનું ઉદ્‌ઘાટન તે સમયના રાજકોટ રાજ્યના ના. ઠાકોરસાહેબ શ્રી પ્રદ્યુમ્નસિંહજીને હાથે અને યજ્ઞનું ઉદ્‌ઘાટન ભગવદાચાર્યજી મહારાજને હાથે કરાવરાવ્યું. પૂજારાભાઇ સજોડે યજ્ઞવિધિમાં બેઠા.

પરંતુ યજ્ઞ માટે અગ્નિ ખૂબ અરણીમંથન કરવા છતાં પ્રગટયો નહિ. કાશીના બ્રાહ્મણોએ પણ મહેનત કરી જોઇ. પરંતુ તે પણ વ્યર્થ ગઇ.

આખરે પૂજ્યશ્રીના કરકમળનો સ્પર્શ થતાં જ અરણીમાંથી એકદમ અગ્નિ પ્રગટયો! કાશીના બ્રાહ્મણોનાં માથાં શરમ અને



સંકોચથી ઝૂકી ગયાં. બધાને આશ્ચર્ય થયું. હાજર રહેલા તે સમયના સૌરાષ્ટ્રના રાજવીઓ અને અગ્રગણ્ય કોંગ્રેસી કાર્યકારોનાં માથાં પણ અહોભાવથી શ્રી ચરણોમાં નમ્યાં.

* * *

**બિન સતસંગ વિવેક ન હોઇ**

શાસ્ત્રો કહે છે કે, જ્યારે કોઇક જીવ માટે ભક્તિમાર્ગનો દરવાજો ખુલ્લો મૂકવો હોય ત્યારે ભગવાન ઘણીવાર એના જીવનમાં પ્રતિકૂળ સંજોગો ઊભા કરે છે. ભગવાન જ્યારે જીવ પર કૃપા કરે છે ત્યારે તેને સાચા સંતનો સંગ આપે છે; સંપત્તિ નહિ પણ સન્મતિ આપે છે.

આ વાત સંજીવભાઇના જીવન માટે અક્ષરશઃ સાચી પડી.

એક દિવસની વાત. રવિવારનો દિવસ એટલે કોર્ટ બંધ હતી. સવારના અગિયાર વાગ્યે સંજીવભાઇ પોતાના એક મિત્ર સાથે ફરવા નીકળ્યા. ફરતા ફરતા બંને કુવાડવાની સડક પર જઇ ચડયા. બેય મિત્રોને થયું : 'આપણે આજે અનાયાસે આટલે સુધી આવ્યા છીએ તો ચાલો રણછોડદાસજી બાપુના આશ્રમમાં જઇને તેમના દર્શન પણ કરતા જઇએ.'

નસીબ સારાં એટલે આશ્રમમાં પગ મૂકતાં જ સાંભળ્યું કે બાપુ પણ આશ્રમમાં બિરાજે છે. પૂજ્યશ્રીના પવિત્ર શરીરનો સ્પર્શ પામીને મંગળમય બનેલી હવાએ આશ્રમમાં ચોમેર શાંત વાતાવરણ ઊભું કર્યું હતું. એ અલૌકિકતાથી પ્રભાવિત થયેલા સંજીવભાઇના પગ અનાયાસે કૂવા તરફ વાળ્યા. તેઓ સરખી રીતે હાથ મોઢું ધોઇને, મનમાં પવિત્ર બન્યાનો સંતોષ મેળવીને પૂજ્યશ્રીના દર્શન માટે ચાલ્યા.

ત્યારે ગુરુમઢીની ઓસરીમાં પૂજ્યશ્રીનું પ્રવચન ચાલતું હતું.

આસપાસ કેટલાક ભક્તો બેઠેલા. આ બંને જણા અજાણ્યા. એટલે તેઓ પ્રણામ કરીને ચૂપચાપ પાછળ જઇને બેસી ગયા. એ બંને બેઠા કે તરત જ તેઓશ્રી પ્રવચનના ચાલુ વિષય અટકાવીને સંજીવભાઇ પર દૃષ્ટિપાત કરીને બોલ્યા :

'દેખો ખુદકો બરબાદ કરના હો તો જુઆ ખેલો.'

'અપને પરિવાર કો પાયમાલ કરના હો તો સટ્ટા ખેલો.'

ઔર અપને સ્વાસ્થ્યકો ખુવાર કરના હો તો દારૂ પીઓ.'

સંજીવભાઇની દશા મુદ્દામાલ સહિત પકડાઇ ગયેલા ચોર જેવી થઇ ગઇ. પૂજ્યશ્રીની નજર સાથે નજર મેળવવાની પણ એમની હિંમત ન રહી. એ મનોમન સવાલજવાબ કરવા લાગ્યા. આ 'સંતપુરુષને શી રીતે ખબર પડી ગઇ કે, હું રોજ જુગાર રમવા જાઉં છું? જરૂર આ કોઇ સિદ્ધ યોગી હોવા જોઇએ.'

ત્યાર પછી પૂજ્યશ્રીએ ચામડા વિષે વિવેચન કરતાં કહ્યું : 'ચમડા અતિ અપવિત્ર વસ્તુ હૈ. ચમડા કહીં ભી પહનનેસે વિચારોં મેં બહુત બૂરા પરિવર્તન હોતા હૈ. યદિ આપ લોગ ઇસ બાત કો ન માંને તો જો મનુષ્ય ચમડા પહનતા હૈ ઉસકે ઔર જો મનુષ્ય ચમડા નહીં પહનતા હૈ ઉસકે દોનોં કે આચાર ઔર વિચારોં કો બારીક નિગાહસે દેખિયે. આપ લોક ફૌરન દેખ સકેંગે કે જો આદમી ચમડા નહીં પહનતા હૈ ઉસકે પરમાણુ શુદ્ધ ઔર પવિત્ર હૈં.'

સંજીવભાઇ આ બધું એકચિત્તે સાંભળી રહ્યા હતા. એમણે માથા પર જે ટોપી પહેરી હતી તેમાં ચામડાનો પટ્ટો હતો, તે એમને યાદ આવી ગયું.

ભક્તો એક પછી એક આવતા જતા હતા. જગા સાંકડી. એટલે નવા આવેલા ભક્તોને જગા કરી આપવા આ બંને જણા



પ્રણામ કરીને બહાર ગયા. સંજીવભાઇએ બહાર ગયા પછી પહેલું કામ પોતાની ચામડાના પટ્ટાવાળી ટોપી ફેંકી દેવાનું કર્યું. એમણે બપોરના એક વાગ્યે આશ્રમમાં પગ મૂક્યો હતો. અત્યારે પાંચ વાગવા આવ્યા હતા છતાં રોજની જેમ પાનાં રમવા માટે જિમખાના તરફ જવાનું મન થતું નહોતું.

એ વિચારતા હતા : 'આ સંતપુરુષ કેવા દયાળુ છે? કેટલા મહાન છે? એમણે મનમાં વિચાર અને મગજમાં ગડમથલ લઇને આશ્રમમાં ફરવા માંડયું.

થોડીવાર પછી પૂજ્યશ્રી હાથમાં કમંડળ લઇને એ બંને જણા પાસેથી નીકળ્યા.

સંજીવભાઇ શ્રી ચરણોમાં દંડવત પ્રણામ કરતાં બોલી ઊઠયાઃ 'બાપુ? આજે આપનો સદુપદેશ સાંભળીને મારું કલ્યાણ થઇ ગયું.'

પૂજ્ય શ્રી મધુરું હસ્યા. એમણે સંજીવભાઇના માથા પર સ્નેહથી હાથ ફેરવ્યો અને પછી આગળ નીકળી ગયા.

હવે બોલવાનો વારો એમના મિત્રનો હતો. એમણે કાંડું ઊંચું કરીને સંજીવભાઇને ઘડિયાળ બતાવતા કહ્યું : 'પાંચ વાગી ગયા. ઊંઘો છો કે શું? જિમખાનામાં જવાનો સમય થઇ ગયો. જવું છે ને?

'ના, ભાઇ ના. હું આજસુધી ઊંઘતો હતો. પણ આજે તો હવે પૂરેપૂરો જાગી ગયો છું. હવે જિમખાનાને છેલ્લા રામ રામ. આજથી રમવાનું છોડી દીધું, ભાઇ!' અંતરના ઊંડાણમાંથી સંજીવભાઇનો અવાજ આવ્યો.

પૂજ્યશ્રીના સ્પર્શમાં રહેલી શક્તિએ પોતાનો પરચો બરાબર બતાવ્યો હતો?

એમણે જેવું બોલ્યા તેવું કરી પણ બતાવ્યું. પૂજ્યશ્રીની પરમ કૃપાથી તેમણે તે દિવસ પછી ક્યારેય જિમખાનામાં પગ ન જ મૂક્યો.

**શ્રીરામ યજ્ઞ**

પ્રયાગજીભાઇ પૂજ્યશ્રીના એક અનન્ય સેવક. તેઓ બહુ નાના હતા ત્યારથી દર્શને આવતા. શરૂઆતમાં તો પ્રસાદમાં મળતાં પેંડા, મેવો, ફ્રુટ વગેરેથી આકર્ષાઇને એ આશ્રમમાં આવતા. પરંતુ ઉંમરના વધવા સાથે એમને પૂજ્યશ્રીનો મહિમા સમજાયો અને એ એમના અનન્ય સેવક બની રહ્યા.

આ પ્રયાગજીભાઇને બરાબર યજ્ઞટાંકણે જ બહારગામ ફરવા જવાની ઇચ્છા થઇ. એમણે પૂજ્યશ્રીને પૂછ્યું : 'બાપુ! ઉનાળો છે તેથી માઉન્ટ આબુ ફરવા જવાની ઇચ્છા છે. હું જાઉં?'

'સભી યજ્ઞ મેં સેવા કરને બાહર ગાંવસે આતે હૈં ઔર તુમ સેવા છોડકર બાહર જાના ચાહતે હો?' સામે સવાલ પૂછાયો.

પરંતુ પ્રયાગજીભાઇ માન્યા નહિ. એ આબુ ગયા જ.

તેઓ ત્યાં પહોંચ્યા કે તરત તેમને આખે શરીરે ફોલ્લા પડયા. ફોલ્લા ફૂટે એમાંથી પરુ નીકળે અને બીજે ચેપ લાગે. ખૂબ હેરાન થઇ ગયા. હવે તેમને સમજાયું કે શા માટે પૂજ્યશ્રી એમને રોકતા હતા. પ્રયાગજીભાઇને રોગમાંથી બચાવવાની એમની ઇચ્છા હતી. રાજકોટમાં રહ્યા હોત તો કંઇ ન થાત. જે કર્મભોગ ભોગવવાના લખ્યા હતા એને સેવા અને સાન્નિધ્યદ્વારા નિવારી શક્યા હોત.

પ્રયાગજીભાઇ પાછા ફર્યા. સીધા આશ્રમે ગયા. પૂજ્યશ્રી ધ્યાનમંદિરની સામે બેઠા હતા. જઇને પ્રણામ કર્યા.

'ક્યોં વાપસ આ ગયે?'



'બાપુ! દયા કરો. આપે તો કૃપા કરીને મને ના પાડી હતી. પરંતુ હું માન્યો નહિ તેથી મારે આ પીડા સહન કરવાનો વારો આવ્યો.'

પૂજ્યશ્રી હસ્યા. પાસે ઢગલાબંધ દાડમ પડેલાં એમાંથી એક પ્રયાગજીભાઇને આપીને કહ્યું : 'લો, ઇસે ખા લો. કલ મહાત્માઓંકી રાવટીમેં જાકર સબ સંતો કો દાડમ બાંટ આના. તુમ્હારા રોગ મિટ જાયેગા.'

ત્યારે દાડમ બહુ સસ્તાં હતાં. આજ્ઞા મુજબ એમણે બીજે દિવસે સંતોને દાડમ વહેંચ્યાં. વળતે દિવસે એમના શરીર પર ફોલ્લાનું નામનિશાન ન રહ્યું?


**શિવમહિમ્નની કેસેટ**

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ ગુજરાતીભાષામાં શ્રી પુષ્પદંતે રચેલ સંસ્કૃત શિવમહિમ્નનો–સરળ કાવ્યમાં અનુવાદ કરેલ છે. તે તેમ જ તેઓની અન્ય શિવસ્તુતિઓની કેસેટ–હવે સંગીતકાર શ્રી આસિત દેસાઇ અને હેમાબેન દેસાઇના મધુરકંઠે ગવાયેલી ઉપલબ્ધ છે. તેની કિમ્મત છે રૂા. ૩૦/– તેનું પ્રાપ્તિસ્થાન છેઃ–

**શ્રીમધુભાઇ એચ. ભટ્ટ**
૬૦૨ એ., રામ ટાવર, યોગીનગર પાસે,
બોરીવલી વેસ્ટ, મુંબઇ–૯૧
તેમ જ ગુજરાતમાં
**શ્રી શાન્તિભાઇ કનેરિયા**
યોગેશ્વર, કીસાનપરા, રાજકોટ–૧

# ગુરુપૂર્ણિમાની ઉજવણી

તંત્રી

## ગુરુપૂર્ણિમાનું પૂજન

શ્રી યોગેશ્વર પરિવારના સાધકોએ પૂ. માની સૂચના પ્રમાણે આ વર્ષે ગુરુપૂર્ણિમા પોતપોતાના ધ્યાનકેન્દ્રોમાં સરસ રીતે ઉજવી. તે ઉપરાંત અંબાજી ખાતેના સ્વર્ગારોહણમાં પણ પૂ. માની સૂચના પ્રમાણે ખાસ થોડી વ્યક્તિઓએ ઉપસ્થિત રહી, ત્યાં પણ પૂજન અને સત્સંગનો કાર્યક્રમ પૂરો કર્યો. એની વિગતો જોઇએ.

### અંબાજી

અંબાજીના સ્વર્ગારોહણમાં ગુરુપૂર્ણિમાનો ઉત્સવ–વિવિધ કેન્દ્રોમાંથી ખાસ આવેલ સાધકોએ સાથે મળી ઉજવ્યો. આ પ્રસંગે ગુરુપૂજન કરાવ્યું અમદાવાદની પ્રાધ્યાપક અને સાધકબેન શ્રી અરૂણાબેન ઠાકરે. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના સ્વરૂપોનું ષોડશોપચાર વિધિથી પૂજન કરવા ઉપ-રાંત, યોગેશ્વર અને પૂ. માની બાવનીનું ગાન, સમૂહ જપ, ધ્યાન તેમ જ ગુરુલીલામૃતના બે અધ્યાયોનો સમૂહપાઠ પણ કરવામાં આવ્યો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રાજુભાઇ જાનીએ કર્યું. પાલનપુરના શ્રી રેવાશંકરભાઇ પુરોહિતે આવેલ સાધકોના સાદા ભોજનનો પ્રબંધ કર્યો હતો.

### અમદાવાદ

અમદાવાદના સત્યપથમાં ગુરુપૂર્ણિમાની ઉજવણીમાં સ્થાનિક સાધકો ભાઇબહેનોએ ખૂબ ઉત્સાહપૂર્વક કરી હતી. ગુરુપૂજન



વગેરે કરવા ઉપરાંત, ભજન, ધ્યાન, ધૂન તેમ જ પૂ. શ્રીનું કેસેટ પ્રવચન પણ રાખવામાં આવ્યાં હતાં. શ્રી બાબુભાઇ વોરાની દોરવણી નીચે આ કાર્યક્રમ યોજાયો હતો. ત્રણ કલાકના કાર્ય-ક્રમના અન્તે પ્રસાદ વગેરે વહેંચવામાં આવ્યો હતો. શ્રી ગીતાબેન ઠાકરે સ્વરૂપોનું પૂજન કરાવ્યું હતું.

### સુરત

સુરતનાં સાધક ભાઇબહેનોએ રામજીમંદિરના ધ્યાનકેન્દ્રમાં શ્રી ચીમનભાઇ ગાંધીની દોરવણી નીચે ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ઉજવ્યો હતો. પ્રારંભમાં શાસ્ત્રોક્તવિધિથી પૂ. શ્રી અને પૂ. માનાં સ્વરૂપોનું પૂજન ખાસ બ્રાહ્મણને બોલાવી શાસ્ત્રોક્ત વિધિથી કરાવ્યું.

ત્રણ કલાકના કાર્યક્રમમાં ધ્યાન, ભજન, ધૂન તેમ જ પૂ. શ્રીના ટેપ પ્રવચન ઉપરાંત પ્રાસંગિક વાર્તાલાપનો સમાવેશ થતો હતો. અલ્પાહારનો પ્રસાદ લઇ સહુ વિખરાયા હતા.

### રાજકોટ

રાજકોટમાં શ્રી સર્વેશ્વરી તીર્થમાં સાધક ભાઇબહેનોએ ખૂબ ઉત્સાહપૂર્વક ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ઉજવ્યો હતો. સવારથી ગુરુપૂજનની વિધિ શ્રી નવીનભાઇ દવેએ કરાવી હતી અને જે. કે. માવાળાના પરિવારે તેમાં ભાગ લીધો હતો.

પૂ. ગુરુદેવ અને પૂ. માની બાવનીઓના ગાન પછી ગીતા પાઠ, ધ્યાન, ભજન અને ધૂનોના કાર્યક્રમો ઉપરાંત પૂ. શ્રીનું ટેપ પ્રવચન અને પૂ. માના લાડીલા ભક્ત શ્રી કલ્યાણનો વાર્તાલાપ પણ રાખવામાં આવ્યો હતો.

સતત ત્રણ કલાકના કાર્યક્રમ પછી પ્રસાદ લઇ–સહુ વિખરાયા હતા.

### મોરબી

મોરબીના ઘણા મોટા સમુદાયે ગુરુપૂર્ણિમા ખાસ વિશેષ રીતે

ઉજવી હતી. પૂ. ગુરુદેવની પાદુકાઓની એક શણગારેલા વાહન-માં શોભાયાત્રા કાઢી નવાં વસ્ત્રો પહેરી બહેનોએ એનું સામૈયું કર્યું હતું.

શ્રી હરિભાઇ ભોજાણીના 'ૐ મા' બંગલામાં ઉત્સવ નિમિત્તે ખાસ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો તેમાં ગુરુપૂજન ઉપરાંત, સમૂહ જપ, ધ્યાન ને વાર્તાલાપના કાર્યક્રમો પ્રયોજવામાં આવ્યા હતા. મહાત્મા શ્રી યોગેશ્વરજીનો ગુરુપૂર્ણિમા નિમિત્તેનો ખાસ સંદેશ તેમ જ ગુરુપૂજનનો પ્રસાદ ભાગ લેનાર સાધક ભાઇ-બહેનોને વહેંચવામાં આવ્યો હતો.

### ભાવનગર

ભાવનગરમાં 'મા' બંગલામાં ગુરુપૂર્ણિમાની સાંજે—ખાસ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તેમાં બાવનીઓ ઉપરાંત પૂ. મા—પ્રભુનાં ભજનો, ધૂનો તેમ જ સમૂહધ્યાનનો સમાવેશ થતો હતો. પ્રસાદ લઇ સહુ વિખરાયા હતા.

સવારે શ્રી નારાયણભાઇ જાનીને ત્યાં ગુરુપૂજનનો વિધિ કરવામાં આવ્યો હતો.

### મુંબઇ

મુંબઇના બોરીવલી ધ્યાનકેન્દ્રમાં શ્રી મધુભાઇ ભટ્ટને ત્યાં ગુરુપૂર્ણિમા નિમિત્તે ખાસ કાર્યક્રમ થયો. ગુરુપૂજન ઉપરાંત પૂ. શ્રીનું વિડિયો પ્રવચન વગેરે કાર્યક્રમ રાખવામાં આવેલ. ભજન, ધૂન, ધ્યાન અને પ્રણામ પછી પ્રસાદ લઇ સહુ વિખરાયા હતા.

### વડોદરા

વડોદરામાં શ્રી વિજયભાઇ પુરોહિતને ત્યાં આ વર્ષે ખૂબ ધામધૂમપૂર્વક ગુરુપૂર્ણિમાનો કાર્યક્રમ યોજાયો.



શ્રી પંડિતજીએ પોતે શાસ્ત્રોક્ત વિધિથી ષોડશોપચાર દ્રવ્યોથી પૂ. મા—પ્રભુનાં અમેરિકાથી આવેલ નવાં સ્વરૂપોની પૂજા કરાવી. પૂજન કરવાનું સૌભાગ્ય કેનેડાના શ્રી બિપિનભાઇ પટેલના પુત્ર પ્રેમલ અને પુત્રી હેતલ ઉપરાંત કુ. જોલી યોગેશ પંડયાને (મુંબઇ) પ્રાપ્ત થયું. આ પૂજનવિધિ બે કલાક ચાલી.

આખા દિવસના આ કાર્યક્રમમાં વડોદરા ઉપરાંત, કપૂરા અને ઝણોરની બહેનો, સુરત, ભરૂચ, ડાકોર અને ભાવનગરના ભાઇઓ-એ પણ ભાગ લીધેલ.

વડોદરાની સંગીત મંડળીએ સરસ ભજનો અને ધૂનોની રમઝટ બોલાવી સમગ્ર વાતાવરણને ભક્તિના તરંગોથી ભરી દીધું. પૂ. શ્રીના ટેપ પ્રવચન ઉપરાંત પૂ. શ્રીનું વિડીઓ પ્રવચન—ગુરુપૂર્ણિમા પરનું રજૂ કરવામાં આવેલ.

વક્તાઓમાં શ્રી નારાયણભાઇ જાનીએ આધ્યાત્મિક સાધના-માં ગુરુના માર્ગદર્શનની આવશ્યકતા દર્શાવી—સમર્થ ગુરુ શ્રી રામકૃષ્ણદેવ અને પૂ. યોગેશ્વરજી પોતાના શિષ્યોના આત્મિક ઉત્થાન માટે કેટલા ઉત્સુક હોય તેના પ્રસંગો વર્ણવ્યા હતા. પૂ. મા પ્રભુ પણ એક વિરલ સદ્‌ગુરુ છે જેનો મહિમા સહેલાઇથી સમ-જાય તેવો નથી. એથી પૂ. માની કોઇ લીલા ના સમજાય તો કદી તેમાં દોષદૃષ્ટિ ના લાવવી. નહિ તો ગુરુની પૂર્ણ કૃપા પામવામાં તે દૃષ્ટિ બાધક બની રહેશે.

બીજા વક્તા ડો. હિમાંશુ પાઠકે યોગની આવશ્યકતા સમ-જાવી, થોડાં આસનો બતાવ્યાં હતાં. તેમ જ આજના યુગમાં અનુભવાતો માનસિક તનાવ શાથી થાય છે તે સમજાવી, તે દૂર કરવાની પદ્ધતિ બતાવી હતી.

શ્રી હરીશભાઇ કોન્ટ્રેક્ટરે હળવી કસરતોથી અંગોનું અક્કડ-પણું કેમ ઓછું થાય તે વિવિધ કસરતોથી બતાવ્યું હતું.

શ્રી કુન્દનબેન રાણાએ પૂ. શ્રી ને પૂ. મા કેવાં વિરલ સંતો છે, તેની સમજ આપતી વાતો કરી હતી.

શ્રી પંડિતજીએ આ આખાય કાર્યક્રમનું આયોજન–પોતાના પરિવારના ભાઇઓની મદદથી કર્યું હતું. તેમના સંચાલનમાં પૂ. મા–પ્રભુ પ્રત્યેની તેમની ઊંડી શ્રદ્ધાભક્તિનું દર્શન થતું હતું.

આખા દિવસના આ કાર્યક્રમમાં બપોરે સાધકોને ફળાહાર અને કાર્યક્રમના અંતે મિષ્ટાન્નનું સરસ ભોજન પીરસવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં લગભગ સાડા ત્રણસો ભાઇબહેનોએ ખૂબ શ્રદ્ધા-પૂર્વક ભાગ લીધો હતો.

## પીએચ. ડી. થયાં

મા પ્રભુનાં ભક્ત શ્રી અરૂણાબેન ઠાકર ભાવનગર યુનિવર્સિટીમાંથી "મહાત્મા યોગેશ્વરજી–જીવન સાધના અને સાહિત્ય સાધના"નો વિષય લઇ તા. ૫–૮–૯૯ ના રોજ પીએચ. ડી. થયેલ જાહેર કરાયાં છે. આ વિષય માટે તેમના પહેલા ગાઇડ ડો. ઈશ્વરભાઇ દવેનો સ્વર્ગવાસ થતાં ડો. વિનોદભાઇ જોષીની દોરવણી નીચે તેઓએ આ પદવી સંપાદન કરી છે. ડો. બી. જે. જાગાણીએ પણ તેમને સારું માર્ગદર્શન પૂરું પાડેલ. આ માટે શ્રી અરૂણા-બેનને અભિનંદન. પૂ. મા–પ્રભુનો પણ ખૂબ આભાર.

— તંત્રી



## * ગર્વ *

કૂકડો જો કૂક કૂક કરવાનું ચૂકશે તો,
કેમ કરી કહો વ્હાશે વ્હાણું?
વ્હાણું ન વાય તો તો દુનિયા અંધાર–દરિયે!
ચાંદા–સૂરજ ઘેર રાણું! કૂકડો જો૦
ઊંચા કરીને ટાંગ ટીટોડી માનતી :
દે રે છે આભને એ ટેકો!
શકટ નીચેનું પેલું શ્વાન ક્ષુદ્ર સેવતું,
શકટ ખેંચ્યાનો વ્યર્થ ફાંકો! કૂકડો જો૦
સક્કરખોરાને કોણ સક્કર દેતું કહો?
ચાતકને કણ્ઠ સ્વાતિ–બિન્દુ?
પથ્થરમાં પાંગરતા પીપળાને પેખ આભે,
અમૃતના પિણ્ડ જેવો ઇન્દુ. કૂકડો જો૦
અનંત બ્રહ્માંડોમાં અટવાતો કાળ! એમાં,
રજકણ શો માનવી અંકારી!
પરભુ પરીઘ પર, પોતાને કેન્દ્રમાં :
મારતો શી મેડક–ફિશિયારી! કૂકડો જો૦
વ્હાણું ન વાય તો તો દુનિયા અંધાર દરિયે!
ચાંદા–સૂરજ ઘેર રાણું!
કૂકડો જો કૂક કૂક કરવાનું ચૂકશે તો–
માનવ ગાશે ગર્વ–ગાણું! કૂકડો જો૦

— ડો. રણજિત પટેલ (અનામી)

## * સીતા *

( ગાન )

ગંગા જેવી જીવનગાથા, સીતાની શી સ્હોય.
સહનશીલતા જગ સઘળાની, એકઠી થઇ છે ત્યાં,
પવિત્રતા યે જગ સઘળાની, એકઠી થઇ છે ત્યાં,
ગંગા જેવી જીવનગાથા, સીતાની શી સ્હોય.

હસતે મોંઢે પતિની આજ્ઞા, પાળી એણે જ્યાં,
કુરબાની ને ત્યાગ જીવનમાં, ધર્યો જ એણે જ્યાં,
ગંગા જેવી જીવનગાથા, સીતાની શી સ્હોય.

નિરાંત ન લેવી વનવાસી થઇ, ભટક્યા વન-વનમાં,
લવકુશ જન્મ્યા ઉછર્યા વનમાં, વાલ્મીકિ આશ્રમમાં,
ગંગા જેવી જીવનગાથા, સીતાની શી સ્હોય.

ભારતની સન્નારી એ તો, જનક વિદેહી સુતા,
રામચરણની રજ એ જાણે, ભક્તિ પાવન પુતા,
ગંગા જેવી જીવનગાથા, સીતાની શી સ્હોય.

ફરજ પિછાણી આચરી એણે, જીવનયજ્ઞ અનોખો,
સીતા-ગીતા-ઉચ્ચ હિમાલય, ભારત ગૌરવ સોહો,
ગંગા જેવી જીવનગાથા, સીતાની શી સ્હોય.

ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

---

જ્યાં જ્યાં ભક્તને મમતા હોય છે, જ્યાં જ્યાં ભક્તને આસક્તિ હોય છે ત્યાં ત્યાંથી તેની મમતા ને આસક્તિની ગ્રંથિને દૂર કરવાને માટે ભગવાન મમતા ને આસક્તિ-વાળા પદાર્થને હટાવી દે છે. કેટલીકવાર વિરોધ પેદા કરી દે છે. શરૂઆતમાં દુઃખ લાગે છે ભક્તને, પણ ધીરે ધીરે ભક્ત પછી સમજી જાય છે કે સંસારમાં કાંઇ જ નથી. ભગવાન સિવાય કોઇ કોઇનું નથી.

યોગેશ્વરજી

સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડૉ. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"

૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩
મોબાઈલ : ૯૮૨૪૦૪૩૦૩૩

E-mail :
hpathakji@yahoo.Com

# સતી અનસૂયા

સુશીલાબેન ભક્ત

એક સમયે અનસૂયા ચંદ્રવંશી રાજાઓની રાજધાની પ્રતિષ્ઠાનપુરમાં આવ્યા. ત્યાં નર્મદા નામની એક ઋષિ પત્ની હતી. જે ખૂબ પતિવ્રતા હતી. જેના પતિનું શરીર રોગથી ગળી ગયું હતું. તે નર્મદાની પતિભક્તિથી પ્રસન્ન થઇ અનસૂયાએ તેના પતિને સાજો કર્યો. હવે એમનો એક બીજો રમૂજીવાળો પ્રસંગ જોઇએ.

કહેવાય છે કે ભગવતી લક્ષ્મીજી, શ્રી સતી (પાર્વતી) તથા સરસ્વતી દેવીને પોતાના પતિવ્રતા હોવાનું ભારે ઘમંડ હતું. ભગવાન ભક્તવત્સલ છે. જેથી પોતાના ભક્તના હૃદયમાં જ જો અભિમાન અંકુરિત થાય તો તરત તેનો નાશ કરી દે છે. ભગવાને જોયું કે આ જગતની ત્રણ દેવીઓને તો ભારે ગર્વ છે તો તે ગર્વનું ખંડન કરવા માટેનું બહાનું શું? તો નારદમુનિના મનમાં ભગવાને જ પ્રેરણા કરી. નારદજી તો પ્રેરણા મળી એટલે ચાલ્યા. એમને તો હંમેશાં કોઇ ને કોઇ કૌતુક જોઇએ જ. આથી તેઓ લક્ષ્મીજી પાસે પહેલાં પહોંચ્યા.

વીણા વગાડતા વગાડતા, પ્રભુના ગુણ ગાતા ગાતા નારદજીને આવતા જોઇ લક્ષ્મીજીનું મુખકમળ ખીલી ઊઠયું. ખૂબ પ્રસન્નતાથી બોલ્યાં, "આવો, આવો નારદજી! આ વખતે બહુ લાંબે સમયે આવ્યા? ક્યાં ચક્કર લગાવતા હતા?"

કંઇક રોકાઇને નારદજી બોલ્યા, "માતાજી અમારું શું ઠેકાણુ? આપણે તો રમતા રામ. જ્યાં મન ફાવે ત્યાં ચાલ્યા. અને ઊંટનું મ્હોં ઊંચકાયુ તો ચાલ્યા જ સમજો."



આ સાંભળી લક્ષ્મીજી ખૂબ ખડખડાટ હસી પડયાં. નારદજી, તમે આ વૈષ્ણવ અને ઊંટની સરખામણી ઘણી સુંદર કરી. ઊંટ પણ લીમડાને પાંદડાં વગરનું ઝાડ બનાવી દે છે. અને આ વૈષ્ણવો તુલસીને પાંદડાં વગરની બનાવી દે છે. હજારોની સંખ્યામાં તુલસીપત્ર શાલીગ્રામ ભગવાનને ચઢાવ્યે જ રાખે, બસ ચઢાવ્યે જ રાખે.

આપણી કવિતામાં અખાએ ગાયું છે:–

એક મૂરખને એવી ટેવ, પત્થર એટલા પૂજે દેવ,
પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન.

વારુ, ખેર! આપ એ તો બતાવો આપ ક્યાંથી આવો છો?

નારદજી બોલ્યા, 'માતાજી શું વાત કરું? હમણાં હું હરતાં ફરતાં ચિત્રકૂટ તરફ જરા ફરી આવ્યો. ત્યાં પયસ્વીને કિનારે કિનારે જતાં જતાં અત્રિઋષિના આશ્રમે પહોંચ્યો. ત્યાં એમના પત્ની અનસૂયાનાં દર્શન કરીને કૃતાર્થ થઇ ગયો. આજે સંસારમાં એમના જેવી પતિવ્રતા સ્ત્રી બીજી કોઇ નથી. તેમણે પોતાના તપના પ્રભાવથી ગંગાજીની એકધારા પ્રગટ કરી દીધી છે. જે બધા પાપોને નાશ કરવાવાળી મંદાકિનીના નામથી પ્રસિદ્ધ થઇ છે. આજના જગતમાં બધી જ સતી સાધ્વી પતિવ્રતાઓમાં તે શિરોમણિ છે. ચૌદે ભુવનમાં ફરી આવ્યો, પણ એમના જેવી પતિવ્રતા તો મને બીજે ક્યાંય જોવા મળી નહિ.'

આ સાંભળી લક્ષ્મીજીને બહુ માઠુ લાગ્યું. આ મારા ઘરનો જ છોકરો મારી સામે જ આવી વાતો કરે? આ તો મારું પ્રત્યક્ષ અપમાન છે. પછી વિચાર્યું કે કદાચ એણે મને છોડીને કહ્યું હશે હે નારદ! અનસૂયાજીના પતિવ્રતને તો મેં પણ સાંભળ્યું છે. તમે તો ઘણી પ્રશંસા કરી, પણ શું તે મારાથી પણ ચઢિયાતી ખરી કે?

નારદજીએ એમના મનને જ ફેરવવાનું હતું. બોલ્યા કે, "માતાજી તમે માઠું ન લગાડો તો હું તેનો ઉત્તર આપું."

લક્ષ્મીજી બોલ્યાં, "ખોટું લગાડવાની તો વાત જ ક્યાં છે? તમે નિર્ભય થઇને જવાબ આપો."

નારદજી કહે, માતાજી સાચું કહું કે ખોટું?

લક્ષ્મીજીબોલ્યાં, "અરે,જૂઠાણું શા માટે?સત્ય જ બતાવો ને!

ત્યારે નારદજી દૃઢતાપૂર્વક બોલ્યા, "માતાજી આપ તો અન-સૂયાજીની પાસે કંઇ જ કહેવાઓ નહિ." આટલું સાંભળતાં તો લક્ષ્મીજીનું મુખ ફિક્કુ પડી ગયું. તેઓ નારદજી પાસે આવા ઉત્તરની અપેક્ષા સ્વપ્નમાં પણ રાખી ન હતી. સતી પ્રત્યે એમના મનમાં ડંખ થયો. મનોમન અનસૂયાને નીચા પાડવાનો નિશ્ચય કર્યો. નારદને કહ્યું કે સમયે ઓળખાઇ જશે.

નારદજીને તો કલહનું બીજ જ વાવવું હતું. તે ઠીક સમયે ફૂટશે. આટલું વિચારી કૈલાસ તરફ ચાલતી પકડી.

હવે આ બાજુ લક્ષ્મીદેવી તો મ્હોં ફૂલાવીને બેસી ગયાં. ભગવાન વિષ્ણુએ પૂછ્યું, "પ્રિયે! આજે કેમ ઉદાસમુખે જમીન પર સૂઇ રહ્યાં છો? દુ:ખનું કારણ બતાવશો?

લક્ષ્મીજી બોલ્યાં, "સાંભળી લો. આજસુધી મેં આપની હા માં હા કહી છે. મેં તમારી પાસે કંઇ માંગ્યુ નથી. જેથી આજે તમારે મારી વાત સાંભળવી પડશે." ભગવાને કહ્યું, "વાત સાંભળ્યાવિના કેવી રીતે હા કહું?" લક્ષ્મીજી તો ગુસ્સામાં બોલ્યાં, "તમે એકવાર હા કહો પછી જ હું કહીશ કેમ કે મારે તમારો પ્રેમ જોવો છે. મને ખૂબ બહેકાવો છો તે મારે જાણવું છે."



ભગવાને કહ્યું, "વારુ, ત્યારે કહો." છતાં લક્ષ્મીજી કહે, 'મારી વાત માની હા જ કહો.' ભગવાને હસીને કહ્યું, 'હા, હા, હા, કાગળમાં લખી આપું? ગંગાજીમાં ઊભો રહીને કહું? લક્ષ્મીજી પ્રસન્નતાપૂર્વક બોલ્યાં, "નહીં નહીં, મહારાજ! મને વિશ્વાસ બેઠો છે. તમારે હવે જેવું પણ હોય તેવું અનસૂયા દેવીનું સતીત્વ ભંગ કરવાનું છે." ભગવાન તો આ સાંભળી હસ્યા— મારામાં એવું સામર્થ્ય વળી ક્યાંથી? કે અનસૂયા દેવીના પતિવ્રતને ખંડિત કરી શકાય? ભગવાન મનમાં સમજી ગયા કે આ બધું પેલા તુમડિયા નારદનું કરતૂત છે. પછી લક્ષ્મીજી સમક્ષ બોલ્યા આટલી સરખી બાબત પર રિસાયાં છો? હું હમણાં જ જાઉં છું. હું તો પ્રયત્ન કરીશ જો તમે કંઇ વચમાં વિઘ્ન—અડચણ ન નાંખો તો આ કાર્ય પૂરું ન થાય ત્યાંસુધી પાછો ફરવાનો નથી.

લક્ષ્મીજી તો ઘણા ખુશ થઇ ગયાં. ભગવાને તો પોતાનું વાહન ગરુડને સજાવ્યું અને અત્રિઋષિના આશ્રમ તરફ ચાલ્યા.

હવે પેલા કૈલાસમાં શું થયું તે જોઇએ.

કૈલાસમાં નારદજી પહોંચ્યા ત્યારે સતી એકલાં જ પૂજા કરી રહ્યાં હતાં. વીણા વગાડતા નાચતા ગાતા નારદજીને જોઇને સતી પાર્વતીએ તેમનું સ્વાગત કર્યું. ખાવામાં એક લાડુ ધર્યો. લાડુ મ્હોંમાં મૂકતાં નારદજી બોલ્યા કે, લાડુમાં તો અમૃતનો સ્વાદ મૂક્યો છે. પરંતુ ભગવતી અનસૂયાના ઘરે જે સ્વાદ માણ્યો હતો તેવો આ સ્વાદ નથી લાગતો."

સતી મનમાં વિચારતાં જ રહ્યાં કે મેં સુધામય લાડુ આપ્યો. અને આ કહે છે કે અનસૂયાના લાડુ જેવો નથી. આ અનસૂયા છે કોણ? કે જેના લાડુની નારદજી આટલી બધી પ્રશંસા કરે છે.

નારદજી બોલ્યા–માતાજી સતી સાધ્વી ભગવતી અનસૂયા અત્રિમુનિના પ્રાણપ્રિયા પત્ની છે. આજે જગતમાં એમના જેવી પતિવ્રતાનો કોઇ જોટો નથી. પાર્વતીજી બળપૂર્વક બોલ્યાં–મારાથી પણ અધિક?

નારદજીએ જરા ઉપેક્ષાના સ્વરમાં કહ્યું કે વધતુઓછુ તો ખબર નથી, પણ તેમના પતિવ્રતની સામે આપમું પતિવ્રત જરા ફિક્કુ તો ખરું!

આ સાંભળતાંવેંત જ સતી તો શિવજી પાસે દોડી પહોંચ્યાં. અને જોરજોરથી બોલવા લાગ્યાં કે તમે તો કહેતા હતા કે હું તો પૃથ્વી પરની બધી પતિવ્રતાઓમાં શિરોમણિ છું.

શિવજીએ કહ્યું કે તો શું તમને એમાં કોઇ શંકા છે?

સતીજીએ કહ્યું કે મહારાજ આજસુધી તો મને કોઇ શંકા નથી જણાઇ, પણ પેલા નારદજી કહેતા ગયા કે અત્રિપત્ની અનસૂયા સામે તમારું પતિવ્રત ફિક્કું છે.

આ સાંભળી શિવજી હસી પડયા. પછી બોલ્યા કે, 'ક્યાં છે નારદ? મારી પાસે લાવો. સતી તો દોડતાં પાછા ફર્યાં. ત્યાં વળી નારદ કેવા? તેઓ તો ક્યારના ત્યાંથી પલાયન થઇ ગયા હતા. સતીએ જણાવ્યું કે નારદ તો નથી, પણ તમે જ બતાવો, શું આ બાબત સત્ય છે ખરી?

ભોળાનાથ સ્ત્રીઓના ડંખને ક્યાં જાણે? એઓના મનમાં કેવી અસૂયા હોય છે? (અસૂયા એટલે ઈર્ષા) એટલે બોલી ઊઠયા કે, હા–નારદ ઠીક કહેતા હતા કે દેવી તમે ભગવતી અનસૂયાની બરાબરી તો નહીં કરી શકો.

પાર્વતીએ તો તે જ ક્ષણે શિવજીનાં ચરણોને એવાં ભીડી દીધાં કે છોડયાં છૂટે નહીં, અને દૃઢતાથી કહ્યું કે આ ચરણોને તો



હું ત્યારે જ છોડીશ જ્યારે અનસૂયાના પતિવ્રતનો ભંગ કરાય અને વિશ્વમાં મને સર્વશ્રેષ્ઠ સતી શિરોમણિ બનાવી દેવામાં આવે.

ભોળા શંભુ તો પોતાના સાપોને સંભાળતા બોલ્યા–દેવી! હું પ્રયત્ન તો કરીશ. પછી તમારે વચમાં દખલગીરી કરવી નહીં. સતી બોલ્યાં, "તમે તો ભોળાનાથ છો. તમારી છળ–બળ કપટ કોઇ પણ ઠગવિદ્યાનો પ્રયોગ અત્રિપત્ની અનસૂયા માટે અપનાવો."

શિવજી મનમાં વિચારતા રહ્યા કે ખાડો ખોદે તે પડે! હવે જે ગતિ થવાની હોય તે ભલે થાય. પાર્વતીજીને કહ્યું કે હું હમણાં જ જાઉં છું. મારા પગ તો છોડો! સતીને ગર્ભિત વાણી કહી કે જે સ્ત્રી પોતાના પતિના ચરણોને છોડી દે છે તેને અંતે દુઃખ દુઃખ ને દુઃખ જ ઊઠાવવું પડે છે. શિવજી તો નંદીને લઇ અત્રિઋષિના આશ્રમ તરફ ચાલતા થયા.

હવે નારદજી બ્રહ્મલોકમાં પહોંચ્યા. ત્યાં શું ઘટના બની તે જોઇએ. નારદજીને જોઇને બ્રહ્માણીએ તેમનં સ્વાગત કર્યું. પુત્ર નારદ તમે તો અમને ભૂલી જ જાવ છો. આ વખતે બહુ લાંબા સમયે દેખાયા? બોલો કંઇ નવીન સમાચાર શું છે?

નારદે કહ્યું–માતાજી આમ તો બધુ ઠીક છે. એક બહુ જ મોટી અદ્‌ભુત વાત મેં પૃથ્વી પર જોઇ.

બ્રહ્માણી તો ખૂબ ઉત્સુક બનીને પૂછવા લાગ્યાં. બતાવો તો ખરાં કે કઇ અદ્‌ભુત બાબત છે?

માતાજી શું બતાવું? અત્રિપત્ની અનસૂયાના પતિવ્રતનો એવો પ્રભાવ છે કે બધા ઋષિમુનિ આવીને તેમની સ્તુતિ કરે છે. સંસારમાં એમના જેવાં કોઇ પતિવ્રતા નથી. ઘમંડથી બ્રહ્માણી બોલ્યાં કે, શું મારાથી પણ ચઢિયાતાં ખરાં કે?

બ્રહ્માણીને નારદજીએ કહ્યું કે મા તે મા જ છે. મા તો સર્વ-શ્રેષ્ઠ જ હોય છે પરંતુ બધા ઋષિમુનિઓ એક જ વાત કરે છે કે આજે અનસૂયાથી ચઢિયાતી કોઈ પતિવ્રતા સ્ત્રી નથી.

બ્રહ્માણીને ભારે ચિંતા થઈ પડી. તરત જ કહ્યું કે જાઓ, જલ્દીથી તમારા પિતાજીને બોલાવી લાવો.

માતાની આજ્ઞા મેળવીને નારદજી તો સભામાં પહોંચ્યા જ્યાં દેવો અને દાનવોના ઝઘડાની ચર્ચા ચાલતી હતી. ત્યાંથી બ્રહ્માજીને ઊઠાડી લાવ્યા.

બ્રહ્માજી તો ઘરમાં આવીને બોલ્યા કે, એવું તે શું આશ્ચર્ય-કારક બની ગયું કે મને એકાએક સભામાંથી ઊઠાડીને અહીં બોલાવ્યો છે?

બ્રહ્માણીએ જણાવ્યું કે, આજકાલ સંસારમાં પતિવ્રતા સ્ત્રી કોણ છે? બ્રહ્માએ કહ્યું કે, તારાથી ચઢિયાતુ તો કોણ હોઈ શકે? બ્રહ્માણી બોલ્યાં કે સાચેસાચું કહી દો. મેં તો એવું સાંભળ્યું છે કે અનસૂયાસતી જેવી કોઈ પતિવ્રતા નથી. તો શું આ સાચું છે?

બ્રહ્માજી હસ્યા અને વિચાર્યું કે જરૂર કંઈ દાળમાં કાળુ છે. સ્ત્રીઓમાં બહુ જલ્દી અસૂયા આવી જાય છે. અનસૂયામાં એ જ તો વિશેષતા છે કે કોઈના પ્રત્યે તેનામાં અસૂયા હોતી નથી. વાત તો સાચી છે પણ વાતને ટાળતા હોય એ રીતે પૂછ્યું કે તમને આવું કહ્યું કોણે?

નારદજીને આજુબાજુ ન જોતાં બ્રહ્માણીએ કાનમાં કહ્યું કે, 'મને આપણા નારદે આ વાત કરી.'

બ્રહ્માજીએ મુખ પર હાથ ફેરવતા કહ્યું કે, માની લો કે સત્ય જ છે, તો એમાં ચિંતા શું કામ છે? તે તો તમારી પુત્રવધૂ જ છે ને?



બ્રહ્માણી બોલ્યાં કે માનસપુત્રો સાથે શું સંબંધ? "જે હોય તે. અનસૂયાને પતિવ્રતા ધર્મથી ચલિત કરો."

તે સમયે સર્વજ્ઞ ભગવાન બ્રહ્માજીએ ધ્યાન ધર્યું. સમાધિમાં બધી જ વાત સમજી ગયા. ભગવાન કંઈક કૌતુક કરવા માગે છે, એમ જાણી લીધું. અને તરત જ મુગટ સંભાળીને હંસ પર બેસી એકલા જ અત્રિઋષિના આશ્રમ તરફ પ્રયાણ કર્યું.

મંદાકિની નદીને કિનારે આવેલા અત્રિઋષિના આશ્રમમાં ત્રણે દેવો એકસાથે પહોંચ્યા. પરસ્પર પ્રણામ નમસ્કાર થયા. ત્રણે જણાએ ભેગા થવાનું કારણ જણાવ્યું. ત્રણે જણા અહીં નક્કી કરે છે કે આપણે વેષ બદલીને દેવી અનસૂયાના પતિવ્રતની પરીક્ષા કરવા નીકળી પડીએ. ત્રણે જણા સાધુ વેષમાં અનસૂયાજી પાસે પહોંચ્યા. તે સમયે ભગવાન અત્રિ આશ્રમમાં હતા નહીં. અતિથિરૂપે આવેલા ત્રણે મુનિઓનો આદરસત્કાર કર્યો. અર્ઘ્ય-આચમન કરાવીને કંદ, મૂળ, ફળ ધર્યાં. પરંતુ મુનિઓએ દેવીના આતિથ્યનો સ્વીકાર ન કર્યો. ત્યારે અનસૂયાદેવીએ નમ્રતાપૂર્વક પૂછ્યું કે, મુનિઓ મારાથી કયો અપરાધ થયો છે કે આપ સહુ મારી પૂજાનો સ્વીકાર કરતા નથી?

મુનિઓએ કહ્યું કે, આપ અમને એક વચન આપો. તો અમે આપની પૂજાને ગ્રહણ કરીએ. નહીં તો બીજી રીતે ગ્રહણ કરીશું નહીં.

દેવીએ કહ્યું કે, "મુનિઓ! અતિથિનો સત્કાર તો પ્રાણોના ભોગે પણ કરવામાં આવે છે, કબૂતરે પોતાની માદાને મારનાર શિકારીનો સત્કાર સ્વયં અગ્નિમાં કૂદીને પ્રાણ આપીને કર્યો હતો. આપ જે રીતે પ્રસન્ન થશો તે રીતે હું કરવા તૈયાર છું."

ત્યારે મુનિઓએ કહ્યું કે, "તમે વસ્ત્રરહિત થઇને અમારો અતિથિસત્કાર કરો." આ સાંભળી પતિવ્રતા અનસૂયા ઘડીભર બેબાકળાં–બહાવરાં બની ગયાં. આ મુનિઓ છે કે પછી કોઇ ગુપ્તવેષધારી છે. જે આવી અયોગ્ય સદાચારહીન માગણી રજૂ કરે છે? સતી અનસૂયાએ અંતર્ધ્યાન થઇ આખું ય રહસ્ય જાણી લીધું. અને બોલ્યાં, 'હું આપનો વસ્ત્રરહિત દશામાં સત્કાર કરીશ.' જો હું સાચી પતિવ્રતા હોઉં, ને મેં ક્યારેય ભૂલથી કે સ્વપ્નમાં પણ પરપુરુષનું કામ–ભાવથી ચિંતન કર્યું ન હોય તો તમે ત્રણે છ–છ મહિનાનાં બાળકો બની જાવ."

પતિવ્રતા સતી આટલું બોલી ન બોલી કે તુરત જ ત્રણે ત્રણ છ–છ મહિનાના દૂધ પીતા નાના બાળકો બનીને પારણામાં ઝૂલવા લાગ્યા! માતાએ વસ્ત્રરહિત બની સ્તનપાન કરાવ્યું. અને પારણામાં સુવડાવી દીધા. એટલામાં અત્રિઋષિ આવી પહોંચ્યા. આ ત્રણ સુંદર કુમાર બાળોને જોઇ આશ્ચર્યચકિત થઇ ગયા! આ ત્રણ દેવસ્વરૂપ મનોહર બાળકો કયા ભાગ્યશાળીના છે? હે દેવી! મને જણાવો તો ખરાં? આ બધું શું છે?

(ક્રમશઃ)



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'તમે રામને કેવી રીતે મળ્યા? અને રામ, સીતા તથા ભાઇ લક્ષ્મણ સાથે કુશળ તો છેને?'

'કુશળ છે.' એમ કહીને હનુમાને રામમિલનની, સીતાહરણ-ની ને રાવણાદિ રાક્ષસોના નાશ જેવી સઘળી હકીકત કહી બતાવી.

એ સાંભળીને ભરતે ભાવવિભોર બનીને કહ્યું : 'મારું જીવન રામના કશા જ કામમાં ન આવ્યું. લક્ષ્મણ ઘણો જ બડભાગી કે એમની સાથે રહી શક્યો ને સેવા કરી શક્યો. મને સેવા કરવાનો અવસર મળ્યો જ નહિ. હું તો એમને માટે સુખનું તો નહિ, પરંતુ દુઃખનું કારણ થઇ પડયો.'

હનુમાન બોલ્યા : 'તમારો પ્રેમ, ભ્રાતૃભાવ તથા ત્યાગ તો અજોડ અથવા અનુપમ છે. રામ એની પ્રશંસા કરતાં થાકતા નથી. માટે આવા વિચાર કરીને ઓછું ન લાવશો. તમે જે કર્યું છે તે તો જગતમાં બીજા કોઇથી નહિ થઇ શકે. તમારે લીધે રામના જીવન-કાર્યમાં મદદ મળી છે. માટે તમે પણ એટલા જ ભાગ્યશાળી છો. દુઃખ તથા શોકના દિવસો પૂરા થયા ને સુખ તેમ જ હર્ષના દિવસો પાસે આવ્યા છે. માટે તો રામ કુશળતાપૂર્વક પાછા આવ્યા છે.'

હનુમાને ભરતની વિદાય લીધી એટલે ભરતે રામના શુભા-ગમનના સમાચાર અયોધ્યામાં મોકલી આપ્યા છે.

એ સાંભળીને સૌની પ્રસન્નતાનો પાર ન રહ્યો.

આખી અયોધ્યા નગરી જાણે કે હિલોળે ચઢી.

હનુમાન નંદીગ્રામમાં ભરતની પાસે આવી પહોંચ્યા, તે વખતે નિષ્કામ અયોધ્યામાં ઊર્મિલા પાસે બેઠો હતો. એણે ઊર્મિલાને ઉદ્દેશીને કહ્યું : 'ચૌદ વરસની વનવાસની સમયમર્યાદા પૂરી થયે રામ, લક્ષ્મણ તથા સીતા સાથે અયોધ્યામાં પાછાં ફરશે ને મને એ સૌનાં દર્શનનો લાભ મળશે એ અભિલાષાથી હું મિથિલાથી અહીં આવ્યો પરંતુ હજુ એ લાભ ન મળ્યો.'

'વનવાસની સમયમર્યાદા પૂરી થવાને હવે તો એક જ દિવસ બાકી છે.' ઊર્મિલાએ કહ્યું : 'એટલે મારું મન અતિશય આતુર બની ગયું છે. આટલાં બધાં વરસોનાં વહાણાં વાઇ ગયાં તે દરમિયાન મન શાંત રહ્યું, પરંતુ હશે ચૌદ વરસની આડે એક જ દિવસ બાકી રહ્યો છે ત્યારે એ જ મન બેચેન બની ગયું છે.'

'આવતી કાલ લગીમાં લક્ષ્મણ નહિ આવે તો?'

'ન આવે એવું બને જ નહિ. મારું અંતર કહે છે કે, એ જ્યાં હશે ત્યાંથી અવશ્ય આવશે. મારું અંતર એમને મળવા માટે આતુર છે તેમ એમને પણ મારું સ્મરણ હવે અને મને મળવાની ઇચ્છા તો હશે જ; છતાં પણ જો આવતી કાલ સુધીમાં એ નહિ આવે તો મારું દિલ અતિશય દુઃખી થઇ જશે એમાં શંકા નહિ.'

એ જ વખતે એક દૂતે આવીને રામ, લક્ષ્મણ ને સીતાના સમાચાર આપ્યા : 'હું નિષાદ રાજનો સેવક છું ને શૃંગવેરપુરથી આવી રહ્યો છું. રામ લક્ષ્મણ, સીતા અને બીજા સ્નેહીજનો સાથે ત્યાં આવી ગયા છે, અને આવતી કાલે અયોધ્યામાં આવી પહોંચશે. એમણે ભરતને અલગ અને ખાસ સંદેશો મોકલ્યો છે તથા મને તમારી તથા કૈકેયી જેવી માતાઓ પાસે મોકલ્યો છે.'



એ સંદેશો સાંભળીને ઊર્મિલાને ખૂબ જ આનંદ થયો.

નિષ્કામ પણ હરખઘેલો બની ગયો.

ઊર્મિલાએ નિષાદરાજના એ સેવકને એવા સર્વોત્તમ સમાચાર સંભળાવવા બદલ ભેટ આપી.

સેવક વિદાય થયો એટલે એણે એ સમાચાર રાજ પરિવારમાં બધે પહોંચાડી દીધા.

એ પછી, એ આનંદમાં અભિવૃદ્ધિ કરતો ભરતનો સંદેશો પણ આવી પહોંચ્યો.

ઊર્મિલાએ મનોમન કહ્યું : જગદંબાએ કૃપા કરી ત્યારે ઉપરાઉપરી શુભ સમાચાર આવી પહોંચ્યા. આતુર અંતર પર જાણે કે શાંતિનો વરસાદ વરસ્યો.

એ રાતે ભરત શત્રુઘ્ન ને ઊર્મિલા કોઇને ઊંઘ ન આવી.

અયોધ્યાના મોટા ભાગના પ્રજાજનો પણ શાંતિથી ન ઊંઘી શક્યા.

મહર્ષિ વસિષ્ઠની સૂચના પ્રમાણે સૌએ રામ, લક્ષ્મણ ને સીતાના સત્કારની તૈયારી કરી.

બીજે દિવસે સવારે રામ નંદીગ્રામમાં ભરત પાસે આવી પહોંચ્યા.

એમની સાથે માર્ગમાંથી મુનિ વિશ્વામિત્ર પણ જોડાયેલા.

રામ ભરતને અત્યંત ભાવપૂર્વક ભેટી પડયા ત્યારે ભરતના શુષ્ક શરીરમાં જાણે કે પ્રાણ આવ્યો.

એને પોતાનું જીવન ધન્ય લાગ્યું.

સીતા તથા લક્ષ્મણ પણ એને પ્રેમથી મળ્યાં.

એ વખતનું દૃશ્ય ખરેખર અદ્‌ભુત હતું.

રામે ભરતને સુગ્રીવ, વિભીષણ, હનુમાન, અંગદ અને મંદોદરીનો પરિચય કરાવ્યો ને કુશળ સમાચાર પૂછ્યા એટલે ભરતે જણાવ્યું :

'તમારા સૌના દૈવી દર્શનનો લાભ મળ્યો એટલે મને કુશળતાની પ્રાપ્તિ થઇ. તમારા સહવાસ વિના કોઇને પણ કુશળતા ક્યાંથી હોઇ શકે?'

લક્ષ્મણે કહ્યું : 'ચૌદ વરસની અવધિ તો ગઇ કાલે રાતે જ પૂરી થઇ એટલે રામ તને મળવા અધીરા બની ગયા.'

'એવો એક પણ દિવસ નહિ જતો હોય કે જ્યારે એ તમને યાદ ન કરતા હોય. એમના દિલમાં તમારે માટે જે પ્રેમ છે તેનું વર્ણન થઇ શકે તેમ નથી.' સીતાએ કહ્યું.

ભરતને પુષ્પક વિમાનમાં બેસાડીને સૌ સરયુના તટ પ્રદેશ પર ઊતરી પડયાં.

એ વિશાળ સુંદર શાંત તટ પ્રદેશ પર અયોધ્યાનાં નરનારી એમને સત્કારવા માટે વહેલી સવારથી જ ટોળે મળેલાં.

એમના શુભાગમનના સમાચાર સાંભળીને મહર્ષિ વસિષ્ઠ આવી પહોંચ્યા, કૈકેયી, કૌશલ્યા તથા સુમિત્રા આવી, શત્રુઘ્ન આવ્યો, અને ઊર્મિલા પણ આવી પહોંચી.

સ્નેહમાં ડૂબેલાં એમનાં મન તથા તન પરસ્પર મળીને પ્રસન્ન થયાં.

નિષ્કામે રામ, લક્ષ્મણ અને સીતાને પ્રણામ કરીને માળા પહેરાવી.

(ક્રમશઃ)

## * પ્રેમ કર્યા વિના ચાલશે ના *

**कौन्तेय प्रतिजानिः न मे भक्त प्रणश्यति।**

ભગવાને ગીતામાં કહ્યું અર્જુન, નિશ્ચયાત્મક રીતે સમજી લે મારો જે ભક્ત છે તેનો વિનાશ કદી થતો જ નથી. હું થવા જ દેતો નથી. બાળક પડે નહીં, એ જવાબદારી માતાની છે, પિતાની છે. જવાબદારી બાળકની નથી. ભક્ત જે ભગવાનને પોતાની મમતાળુ માતા અને પોતાના પવિત્ર પિતા માને છે તે ભગવાન ભક્તની તો રક્ષા કરે. એને ચોવીસે કલાક જોયા કરે. ભક્ત ક્યાં જાય છે? કેવો વિચાર કરે છે? કેવું જીવન જીવે છે? અધઃપતનના માર્ગે તો આગળ નથી વધતો ને? પ્રગતિને માર્ગે ઉત્તરોત્તર આગળ વધે છે કે નથી વધતો? ભગવાન જુએ છે. એવા આયોજનો એના માર્ગની અંદર કરી દે છે, જેવા આયોજનોની આવશ્યકતા એના જીવનમાં પળેપળે ને ક્ષણેક્ષણે હોય છે. એટલે આપણે ભક્તની ચિંતા કરવાની આવશ્યકતા નથી. ભગવાન પોતે ભક્તની ચિંતા કરે, ભક્ત ભગવાનનું ચિંતન કરે. આમ બંને પરસ્પર એવા જોડાઇ જાય છે કે એકને બીજા વગર ચાલતું જ નથી. બંનેનો પરસ્પરનો પ્રેમ એવો અદ્‌ભુત છે—જેમાં પ્રેમ કર્યા વિના રહી શકાતું નથી. એટલે પ્રેમ ન કરે તો બીજું કરે પણ શું?

યોગેશ્વરજી

Regd. No. GBV 113

# મોહ અને ભોગમાંથી નિવૃત્ત થવાનો અક્સીર માર્ગ

ભગવાન સૌમાં છે એવું સૌથી પ્રથમ માનસિક રીતે સમજે અને પછી વ્યાવહારીક રીતે પણ એને જીવનમાં ઉતારવા માટેની કોશિશ કરે, તો એ મોહમાંથી, શોકમાંથી બધામાંથી મુક્તિ મેળવે છે. પવિત્રતમ પ્રેમનો પ્રવાહ જ એના પ્રાણની અંદરથી નીકળી અને સમસ્ત સંસાર તરફ વહેતો ચાલે. એનું જીવન નિર્મળ અથવા પવિત્ર બની જાય છે. જ્યાં વાસના છે ત્યાં માલિકીની ભાવના પણ છે. એને ભોગવવાની ઇચ્છા પણ છે. ભોગવવાની ઇચ્છા સંતોષાય તો વધતી જ ચાલવાની છે પાછી સમજજો. વધતી ચાલવાની છે એટલે દુઃખ જ છે. અસંતોષ જ છે. અને જેની અંદર ભોગની ભાવના છે, મોહ છે તે પદાર્થ મળ્યો નહીં તોપણ દુઃખ છે. તોપણ ઉપાધિ છે. તોપણ વેદના છે. એટલે પોતાની જાતને ન જાણવી અને વિષયોની અંદર અટવાઇ જવું એ દુઃખનું કારણ છે. અને પરમાત્માને જોવા, આત્મદર્શન કરતાં શીખવું એ મોહમાંથી નિવૃત્ત થવાનો, કામમાંથી નિવૃત્ત થવાનો, ક્રોધાદિમાંથી નિવૃત્ત થવાનો, નિર્ભય થવાનો અક્સીર અમોઘ ઉપાય છે, માર્ગ છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.